ભૂગોળનો પદ્યપાઠ.

મુંબઈ ઇલાકાનું સામાન્ય વર્ણન.

(અંગ્રેજી રાજમાં.)

કુદરતી વિભાગો (૫):—

સિંધ, કચ્છ, ને ગુજરાત પ્રાંત; મહારાષ્ટ્ર ને કાનડા પ્રાંત.

રાજકીય વિભાગો (૪):—

સિંધ અને ઉત્તર વિભાગ; મધ્ય અને દક્ષિણ વિભાગ.

કુદરતી રચના:—સિંધ છે રેતાળ પ્રદેશ, ગુજરાત એ સપાટ પ્રદેશ.
મહારાષ્ટ્ર ઉચ્ચ પ્રદેશ, કાનડા એ નીચો પ્રદેશ.

શિખરો (૫):—માથેરાન ને મહાબળેશ્વર; હજીરા, ડુમસ ને તીથલ.

પર્વતો (૭):—

હાલા, આબુ, *પુડા, વિંધ્યાદ્રિ; શેત્રુંજો, ગિરનાર, સહ્યાદ્રિ.

નદીઓ (૫):—સિંધુ, નર્મદા ને તાપી; ગોદાવરી, કૃષ્ણા બાકી.

ધોધ (૨):—સુરપાણ, નર્મદાનો ધોધ; ગેરસાપા દક્ષિણમાં ધોધ.

રણ (૧):—કચ્છ ઉત્તરે રણ મોટું, સુરત જિલ્લાથી પાંચ ગણું.

અખાતો (૨):—અખાત કચ્છી ને ખંભાત;

બંદરો (૩):—કરાંચી, મુંબઈ ને કારવાર.

પશ્ચિમ કિનારાનાં બંદરો—

કરાંચી, માંડવી, દ્વારકાં; પોરબંદર, દીવ ને ઘોઘા;
મુંબઈ, કારવાર, રત્નાગિરિ, દશમું હોનાવર બે મળી.

---

* સાતપુડા.

ધર્મો:—(૫) હિંદુમાં શૈવ, વૈષ્ણવ; બીજો મુસલમાની ધર્મ;
જરથોસ્ત, જૈન ને ખ્રિસ્તી, ઇસુ ક્રાઇસ્ટના અનુયાયી.
ભાષાઓ:—(૫) સિંધી, કચ્છી ને ગુજરાતી; મરાઠી, દક્ષિણી, કાનડી;
ઉર્દુ મુસલમાનોમાં દેખ, એ રીતે ભાષાઓ લેખ.
ધંધાઓ (૬)—ખેતી, વેપાર, કારીગરી; નોકરી, વણાટ ને ખલાસી.
ખનીજ:—ગીર, ગિરનારને શેત્રુંજે, નીપજે પુષ્કળ પત્થરો;
કાચું લોઢું ને સોનું, ધારવાડે નીકળે થોડું.
ફટકડી અને તાંબું, ગંધક ને વળી સીસું;
એ ચાર ખનીજો ખણાય, સુલેમાન ને હાલા માંય.
પંચમહાલ લોઢું, મેંગેનીઝ, રાજપીંપળા ડુંગરે અકીક;
ખારાઘોડા રણ પ્રદેશ; પાકે મીઠું કુદરતી બેશ.
ખેતી:—ભરુચ જિલ્લો કપાસનો, ખેડા જિલ્લો તમાકુનો;
પંચમહાલ છે મકાઈનો મહાલ, દક્ષિણ કપાસ, ઘઉંનો પાક.
બાગાયતે પાન, સોપારી; કેળાં, પીંપર નીપજે સારી;
કિનારે સોપારી, શ્રીફળ; કોંકણે પુષ્કળ ડાંગર.
આયાત (૯):—સુતરાઉ, રેશમી કાપડ, ઊન; ખાંડ, દવા ને કેરોસીન;
કોલસા, લોઢાનો સામાન, પરદેશથી આવે એમ જાણ.
આયાત (૨૫):—કાપડ, કાગળ, કોલસા, કાચ; રંગ, રમકડાં, રેશમ, રાચ;
દવા, દારૂ ને દિવાસળી; તેલો, ઘડિઆળો, છત્રી.
સોનું, રૂપું, સાકર, ખાંડ; લોઢા-લક્કડનો સામાન;
કટલરી, પોટરી, હોઝિયરી; મશીનરી ને સ્ટેશનરી.
નિકાસ:—સુતરાઉ કાપડ, તેલીબીઆં; અનાજ, ગળી ને ચામડાં;
શણનું કાપડ અને રૂ; પરદેશે ચઢે એ સરૂ.

મુંબઈ ઇલાકાના જિલ્લા (૨૭).

સિંધ વિભાગ (૬):—
સરહદ, લારખાના, સક્કર: કરાંચી, હૈદર, થરપારકર;

ઉત્તર વિભાગ (૬)—

અમદાવાદ, ખેડા, પંચમહાલ; ભરુચ, સુરત, થાણા હાલ.

મધ્યવિભાગ (૬):—

ખાનદેશ(૨), નાશક, અહમદનગર; પુના, સતારા, સોલાપુર;

દક્ષિણવિભાગ (૬)—

બેલગામ, બિજાપુર, ધારવાડ; કોલાબા, રત્નાગિરિ, કારવાડ,

(૧) નવાબશાહ એ નવો જિલ્લો, સિંધ વિભાગે એ જિલ્લો;

(૨) મધ્યવિભાગે બે ખાનદેશ, પૂર્વ ને પશ્ચિમ ખાનદેશ.

(૧) મુંબઈ શહેર જુદો જિલ્લો, સત્તાવીશનો એ ધડાકો.

જિલ્લાના વડા અધિકારીઓ (૫)

કલેકટર ને સરજન બે; જડજ, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ છે;

એકઝીક્યુટિવ ઇજનેર પાંચમા; અધિકારીઓ એ જિલ્લાના.

દેશી રાજ્યો (૨૬):—

(૩) ખૈરપુર, કાઠિઆવાડ ને કચ્છ;

(૪) પાલણપુર, મહી, રેવા, સુરત;

(૩) ખંભાત, વડોદરા ને જવાર; ગુજરાતનાં એ મોટાં રાજ્ય.

(૪) ભોર જાગીર ને ઔંધ બે; ફલટણ ને અક્કલકોટ છે.

(૩) દક્ષિણ મરાઠા જાગીર; સાંગલી, મીરજ, કુરુન્દવાડ;

(૬) જમખંડી, મુધોળ, રામદુર્ગ; જત, ડફલાપુર ને સાવનુર.

(૩) સાવંતવાડી, જંજીરા; (૧) દીવ, દમણ ને છે ગોવા.

મુસલમાની રાજ્યો:—(૭)ખૈરપુર, જુનાગઢ એ બે, પાલણપુર, રાધનપુર છે;

વાડાશિનોર ને સચીન બે; ખંભાત સ્ટેટ એ સાતમું છે.

હબસી રાજ્યો:—હબસી રાજ્યો બે આબાદ, જંજીરા ને જાફરાબાદ.

ફીરંગી કે પોર્ટુગીઝ—દીવ, દમણ ને ગોવા દીસ, ફીરંગી કે પોર્ટગીઝ.

રજપુત, કોળી, કાઠી, મકવાણા વગેરે રાજ્યો.

કાઠિઆવાડ, કચ્છ, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત એજન્સિમાં વાંસદા,

ધરમપુરનાં એ બે અને જવાર સંસ્થાન છે. સિવાય કોળી, કાઠી વગેરેનાં રાજ્યો છે.

મરાઠી રાજ્યો:—સતારા જાગીર, દક્ષિણ મરાઠા જાગીર અને ગાયકવાડનું રાજ્ય.

નોકરો:—મુખી, તલાટી, ગામ નોકર; તાલુકાના મામલતદાર;
તાલુકે મહાલકરી, જિલ્લે કલેકટર ઉપરી.
વિભાગે છે કમિશ્નર; ઇલાકાના ગવર્નર.

ઉત્તર વિભાગ કે ગુજરાત પ્રાંત.

અમદાવાદ જિલ્લો. તાલુકા (૯); પેટામહાલ (૩).

તાલુકા:—ઉત્તર, દક્ષિણ દસક્રોઈ બે; પ્રાંતીજ, ધોળકા બીજા બે;
વીરમગામ ને ધંધુકા; મોડાસા, સાણંદ, ઘોઘા.

શહેરો:—અમદાવાદ કારીગરી મિલો; કાંકરીઉ, શાહઆલમ રોઝો;
જુના વખતની જુમામસીદ; હઠીસીંગ દહેરૂં છે પ્રસિદ્ધ.
વીરમગામે મુનસર ને રૂ, ખારાઘોડા પાકે મીઠું;
ધોળકામાં મલાવ તળાવ, સુંઠ ને દાડમ વખણાય.
વિરાટ નગર સ્થળે ધોળકા, ઘોઘા બંદરે સારી હવા.

ખેડા જિલ્લો. તાલુકા (૭).

તાલુકા:—કપડવંજ ને ઠાસરા બે; મેમદાવાદ ને માતર છે;
બોરસદ, નડિઆદ બીજા બે, આણંદ રેલવે જંક્શન છે.

શહેરો:—કપડવંજમાં કાચ, સાબુ; લસુંદ્રા ઉના પાણી કુંડ;
ડાકોર, વડતાલ યાત્રા ધામ; નડિઆદ મોટું જિલ્લા ગામ.
ખેડા જિલ્લાનું મુખ્ય ગામ, વાત્રક, શેઢી સંગમ ઠામ;
મેમદાવાદ–મહમુદાબાદ, આણંદ જંક્શન અગત્યનું ગામ.

પંચમહાલ જિલ્લો. તાલુકા (૩) પેટામહાલ (૨).

તાલુકા:—ગોધરા, દાહોદ, કાલોલ ત્રણ; હાલોલ, ઝાલોદ નાના ગણ;
શહેરો:—પાવા-પવનગઢ ડુંગર, મહાકાળિ, કિલ્લો ખંડિએર,
ગોધરા મુખ્ય સ્થળ જિલ્લાનું, તળાવ મોટું ગોધરકનું;
હાલુર સુંદર બાગ હાલોલ, ઔરંગજેબ જન્મ્યો દાહોદ.
જુનું ત્યાં છે છાબ તળાવ, જશમા ઓડણનો પ્રભાવ;
ચાંપાથી વસ્યું ચાંપાનેર, હાલ છે તેનું ત્યાં ખંડિએર.

ભરુચ જિલ્લો. તાલુકા (૫) પેટામહાલ (૧)

ભરુચ ને અંકલેશ્વર બે; વાગરા, આમોદ બીજા બે;
જંબુસર ને પાંચમો જાણ, હાંસોટ પેટામહાલ પ્રમાણ.
શહેરો:—ભરુચ આશ્રમ ભૃગુ ઋષિ; ભૃગુ દેવાલય, યજ્ઞ બલિ;
અંકલેશ્વર સ્ટેશન રેલવે, નાંદોદ જંગલ પેદાશ ચડે.
ભાડભુતે ભાડભૂતેશ્વર, શુકલતીર્થે ૐકારેશ્વર;
કબીરવડ શુકલતીર્થ પાસે, ગુજરાતમાં એ પ્રસિદ્ધ વડ છે.

સુરત જિલ્લો તાલુકા (૮)

તાલુકા:—ઓરપાડ ને ચોર્યાસી, જલાલપુર ને વલસાડી;
પારડી ને બારડોલી છે, માંડવી ચીખલી છેલ્લા છે.
શહેરો:—પારનેરા નાનો ડુંગર, માતા દેહરૂં, કિલ્લા ખંડિએર;
સુરતા રામજણી સુરત, કસબ કામ, રેશમી કાપડ.
વલસાડ બંદરે છે સાગ, ઉદવાડા, બહુધાન જાત્રા,
તીથલ, ડુમસ, હજીરા, દરીએ ત્યાં સુંદર હવા,
ડક-હજીરે દીવાદાંડી, હજીરા કબર વોકસની;
સુરત પાસ જુનું રાંદેર એ સુરત જિલ્લાનાં શહેર.

થાણા જિલ્લો તાલુકા (૯)

તાલુકા:—ડાહાણું, માહીમ, વસઈ; સાષ્ટી અને ભીંવડી;
વાડે અને શાહપુર બે; મુરબાડ ને કલ્યાણ છે.

શહેરો:—સાલસેટ બેટ છે થાણા, જિલ્લા નાકું વાંદરા;
વસઈ પાન, શેરડી, કેળાં; બોરીવલી કેનેરી ગુફા.
કલ્યાણ ઘણું જુનું આબાદ, ચૌદ સદીનું ઇસ્લામાબાદ.
થાણા જિલ્લે ડાંગર ખૂબ, કાંઠે તાલુકા ૫ળદુ૫;
પાન, શેરડી, કેળાંનો પાક; આદું, નાળિએર નીપજે ખાસ.
સુકાં કેળાં આગાસી, મીઠું ભાયંદર, વસઈ.

દેશી રાજ્યો.

પાલણપુર એજન્સિ રાજ્યો (૧૩)

પાલણપુર, રાધનપુર, બે મોટાં, વાવ, થરાદ, વારાહી બીજાં.

મહીકાંઠા એજન્સિ રાજ્યો (૫૨) (૬૩ તાલુકા)

ઇડર, પોળો ને દાંતા; માલપુર, મોહનપુર, માણસા;
કટોસણ ને વરસોડા, આંબલીઆરા, પુનાદરા.
પેથાપુર ને રણાસણ, ખડાલ, ઇલોલ, ઘોડાસર;
સુદાસણા ને વલાસણા, ડાભા, વાસણા, દધાળિઆ.
રૂપાલ ને મગોડી બે, સાઠંબા ને વડાગામ છે.

છઠ્ઠો વર્ગ.

હાપા, રમાસ, બોલુંદરા; બેડાવાડા, લીખી, દેધરોટા;
વકતાપુર, દેરોલ, કડોલી; સાબ્રતટે પ્રેમપુર, તાજપુરી.
સતલાસણા ને ભાલુસણા, હડોલ તાલુકા ગઢવાડા;
મગુના, પાલજ, વીરસોડા; તેજપુરા, દેલોલી, કસળપુરા.
મેમદપુરા, ઇજપુરા બે, રામપુરા, રાણીપુરા છે;
ગાબટ તાલુકો છેવાડો, વાત્રકકાંડે તે રાખ્યો.
ટીંબા, મોઠા કોઠાસણા, ઉમરી તાલુકો ગઢવાડા.

રેવાકાંઠા એજન્સિ રાજ્ય ૬૨

નાંદોદ ગાદી રાજપીંપળા, છોટાઉદેપુર ને બારીઆ;
લુણાવાડા ડુંગરા બોડા, સુંથ, વાડાશિનોર બીજાં.
વાડાશિનોર બાબી નવાબ, બાકીનાં છે રજપુત રાજ્ય.

ખંભાતનું રાજ્ય.

ખંભાત–સ્તંભાવતી નગરી, અકીકની ત્યાં કારીગરી;
બોરીઆં, એરીંગનો હુન્નર, ખંભાત જુનું માતબર શહેર.
ત્યાંથી દરીઓ પાંચ માઇલ દૂર, ત્યાંનો નવાબ મોગલ મશહુર;
ખેડા જિલ્લે કલેકટર તાબે, જમીન ખારી ખંભાત સ્ટેટે.

સુરત એજન્સિ.

સચીન મુસલમાની નવાબ, ડુમસ હવા ખાવાનું સ્થાન;
ધરમપુર જુનું રામનગર, વાંસદા ઉનાઈ પાણીના કુંડ.
વાંસદા ધરમપુર ડુંગરા જંગલ, વળી ડાંગનું છે જંગલ;
નીપજે ઇમારતી લાકડાં, સુરત કલેકટર તાબામાં.

જવાર સંસ્થાન.

જવારનો રાજા કોળી; ડાંગર, બાવટો, કઠોળ, નાગલી;
જંગલ ડુંગરથી ભરપુર, તાબે થાણા કલેકટર.

કાઠિઆવાડ એજન્સિ.

કાઠિઆવાડ જુનું સૌરાષ્ટ્ર (સોરઠ), કાઠી રજપુતોનો મુલક.
રાજ્યો:—ભાવનગર, પોરબંદર, ગોંડળ; ધ્રાંગધ્રા, મોરબી, નવાનગર;
જુનાગઢ ને જાફરાબાદ, એ છ પહેલા વર્ગનાં રાજ્ય.
બીજા વર્ગનાં બીજાં છ, કુલ એકસો તાણું સ્ટેટ છે.
પ્રાંતો (૪):—હાલાર ને ઝાલાવાડ, ગોહીલવાડ ને સોરઠ પ્રાંત,
હાલાર પ્રાંતનું રાજકોટ છે, ઝાલાવાડનું વઢવાણ છે.
ગોહીલવાડનું છે સોનગઢ, સોરઠ પ્રાંતનું જેતલસર.
પર્વતો (૪):—ગીર ને ગીરનાર એ બે, શેત્રુંજો ને બર્ડો છે;

સિંહ ગીર ડુંગરમાં વસે, બરડામાં લોખંડ નીપજે.
ગીરનાર, સિદ્ધાચલ દેરાસર, ગીરનાર હિંદુ તીર્થસ્થળ.

નદીઓ (૨):—ભાદર, શેત્રુંજી મોટી બે, ભોગાવો, આજી નાની છે.

હાલાર પ્રાંત.

રાજ્યો (૬):—નવાનગર, મોરબી, ગોંડળ, રાજકોટ, વાંકાનેર ને ધ્રોળ,

શહેરો:—નવાનગર-જામનગર મોતી; કંકુ, ભરત, કસબ રેશમી;
બરડામાં આરસ, લોઢું; ખંભાળીએ નીકળે તાંબું.
રાજા જામસાહેબ ઓળખાય, જાડેજા શિરોમણિ લેખાય;
જાડેજા મોરબી, ગોંડળ; વાંકાનેર, રાજકોટ ને ધ્રોળ,
રાજકોટ કેમ્પે સુંદર હવા, રાજકુમાર કોલેજ, હુન્નરશાળા;
હાઇસ્કૂલ, ટ્રેનિંગ કોલેજ; એજન્ટ ટુ ધ ગવર્નર રહે.
ગોંડળમાં ગરાસીઆ સ્કૂલ, મોંધીબા કન્યાહાઇસ્કૂલ.

ઝાલાવાડ પ્રાંત (૩)

ધ્રાંગધ્રા. લીમડી, વઢવાણ; ગરાસીઆ સ્કૂલ કેમ્પ સ્થાન.

ગોહીલવાડ પ્રાંત (૨)

ભાવસીંગનું ભાવનગર બંદર, મિલ, આર્ટ, હાઇસ્કૂલ સુંદર;
પાલિતાણા જૈનોનું સ્થળ, શેત્રુંજો કે સિદ્ધાચલ.

સોરઠ પ્રાંત.

જુનાગઢ બાબી નવાબ; ગીરનાર છે યાત્રાનું ધામ;
સોમનાથ પાટણ જુનું શહેર, સોમનાથ શિવાલય ખંડિએર.
પોરબંદર—સુદામાપુરી, નીપજ પત્થર ને રાજગાદી;
જાફરાબાદ મુસલમાની રાજ્ય, તાબે એ જંજીરા નવાબ.

ગાયકવાડી રાજ્ય.

રાજા અને નોકરો.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, સેના ખાસખેલ સમશેર બહાદુર;
દિવાન, સરસુબો, સુબો; મહાલના એ વહીવટદારો.

નદીઓ (૪):—બનાસ ને સરસ્વતી, ઢાઢર ને વિશ્વામિત્રી.
પ્રાંતો (૫):—કડી, વડોદરા, નવસારી; ઓખામંડળ ને અમરેલી.
વસ્તી:—મરાઠા, બ્રાહ્મણ વડોદરે, વાઘેર ઓખામંડળે છે;
અમરેલી કાઠી રજપુત; વાઘેર, કાઠી લડાયક શૂર.
સિદ્ધપુરે ઔદિચ્ય, વહોરા; નવસારી પારસી, અનાવલા;
પાટીદાર પેટલાદે છે, ચોધરા સોનગઢ બ્યારે છે.
શહેરો:—વડોદરામાં વિશ્વામિત્રી, રાજા ચંદનની એ ચંદનાવતી;
કોલેજ, ન્યાયમંદિર ને બાગ, રાજમહેલો જોવાલાયક.
સંગ્રહસ્થાન ખૂબી સારી, શોભા શી દશેરા સ્વારી;
ડભોઇ–ડુભોઈ પ્રજનેર, જુનો કિલ્લો છે એ શહેર.
કડી પ્રાંતમાં કડી, પાટણ; સિદ્ધપુર, વડનગર, બહુચર;
પાટણ જુનું અણહિલપુર, વનરાજનું એ પાટનગર.
રાણીવાવ, વનરાજ મૂર્તિ; સહસ્રલિંગ તળાવની ક્ષતિ;
પટોળાં, તરવાર, સુડી; માટી વાસણ ચીજો ઘણી.
વડનગરે વડનગરા નાગર, જુનું એ ઐતિહાસિક શહેર;
વીસનગરા છે વીસનગર, મૂળ સ્થાનો એ છે નાગર.
સિદ્ધપુર છે યાત્રાનું ધામ, ગોવિંદમાધવ, કપિલાશ્રમ;
બિંદુ સરોવર, માતૃશ્રાદ્ધ; જ્ઞાનવાવ ને રૂદ્રમાળ.
નવસારીમાં સારી હવા, પુષ્કળ પારસી આવી રહ્યા;
સોનગઢ ટાપ્ટિવૅલિ સ્ટેશન; કિલ્લો, ગાદી, જુનાં સ્થાન.
કર્નાળી, બહુચર યાત્રા, ઉંઝા કુળદેવી ઉમિયા;
મહેસાણા રેલવે જંક્શન, કડી અને વીસનગર.

હિંદુસ્તાનનું સામાન્ય વર્ણન.

(અંગ્રેજી રાહ)

પર્વતો (૨૩):—હિમાલયમાં બરફ છે, સૌથી મોટો પર્વત છે;
કારાકોરમ, હિંદુકુશ બે, સુલેમાન ને હાલા છે.

નાગા અને પતકોઈ બે, અરાવલી ને રાજમહાલ છે;
સાતપુડા ને વિંધાદ્રિ, પૂર્વઘાટ ને સહ્યાદ્રિ.
શિવાલિક ને નીલગિરિ, કારડેમમ ને પાલની;
ખાસ્યા, ગારો ડુંગર છે, કૈમુરના એ પહાડો છે.
પેગુ, આરાકાનયોમા, ટિનાસરિમયોમા બીજા.
શિખરો:—ગૌરીશંકર[1] ધવલગિરિ; કાંચન[2], કૈલાસ, હિમાદ્રિ;
કારાકોરમનું ડાપસંગ છે, તખ્તે સુલેમાન એ શૃંગ છે.
સાતપુડામાં પંચમઢી, ગિરિરાજ આબુ અરવલ્લી;
ઉતાકામંડમાં સુંદર હવા, નીલગિરિ દોદાબેટા.
મહાબળેશ્વર સહ્યાદ્રિ, એ નવ શૃંગો છે અદ્રિ.
ઘાટો (૪):—ખાઈબર બીજો બોલનઘાટ; જેલાપલા ને કારમઘાટ.
મુખ્ય નદીઓ (૧૩):—
સિંધુ સતલજ એ બે બેન, ગંગા ને જમના બે બેન;
બ્રહ્મપુત્રા ને ઇરાવદી, મહા, શોણ ને ગોદાવરી.
કૃષ્ણા ને કાવેરી બે, તાપી, રેવા પશ્ચિમે.
બીજી નદીઓ:-પંજાબ પંચ નદી પ્રદેશ, ચીનાબ, સતલજ એ બે બેશ;
ઝેલમ, રાવી ચીનાબે ભળે; બિઆસ સતલજને જઈ મળે.
ચીનાબ સતલજ સંગમ થાય, પંચનદ ત્યાંથી લેખાય;
કાબુલ, પંચનંદ સિંધુમાં પડે, બેટવા, ચંબળ જમનામાં ભળે.
ગોગ્રા, રામગંગા, ગોમતી, કુશી, ગંડકી, ભાગીરથી;
પદ્મા-પાડા, ભાગીરથી; છેક દક્ષિણે એ હુગલી.
હિમગિરિ ઉત્તરે સાંપુ જે; તેજ જમના બ્રહ્મપુત્રા છે;
બ્રહ્મપુત્રામાં સુરમા મળે; એ મેઘના સાગરમાં ભળે.
પેન, વાઈનગંગા, વર્ધા; ત્રણે સંગમે પ્રાણહિતા;

---

૧ એવરેસ્ટ. ૨ કાંચનગંગા.

માંજરા જે નિઝામે વહે, ગોદાવરીમાં એ સૌ ભળે.
કૃષ્ણા ને તુંગભદ્રા એ; દક્ષિણમાં એ નદીઓ છે;
બ્રાહ્મણી, વેતરણી, મહાનદી; ઓરીસાની એ ત્રણ નદી.
બ્રહ્મદેશે સીતાંગ, સાલવીન, ક્ષાંટા, રંગુન ને બાસીન;
ઇરાવદી પાણીથી પુર, સ્ટીમર, વહાણોથી ભરપુર.
ચોખા, સાગ બહુ વહાણે ચઢે, કેરોસીન તે સાથે ચઢે.

સરોવર (૭) (સાખી) વુલર છે કાશ્મીરમાં, સાંભર રજપુતસ્તાન;
પુલિકટ, કોલર, ચીલકા; રાવણહૃદ ને માન.

(અંગ્રેજી રાહ.)

ભૂશિરો (૫):—પલમાયરા, નિગ્રેસ, કુમારી; જગત ભૂશિર ને રાસમુરારી;
અખાતો (૫)—કચ્છી, ખંભાતી, મનાર; બંગાળી ને માર્ટાબાન,
દ્વીપો-બેટો (૭):—સિલોન-સિંહલ-લંકા કહે; મનાર, રામેશ્વર પાસે છે;
લક્ષ, માલદ્વીપો ગોળાકાર; અંદામાન ને નિકોબાર.

વનસ્પતિ-ઝાડો (૧૯)

સાગ, સીસમ ને સુંદર સાલ; દેવદાર, રબ્બર ને તાડ;
આંબા, આમલી લીમડા, વડ; નાળિએરી, તાડ ને સુખડ.
પીપળા, પીપળ, વાંસો ઘણાં; ઘાસ લીલ, સેવાળ ખરાં.

જનાવરો—વાઘ, દીપડા, ચિત્તા, સિંહ; વરૂ, વાંદરાં, ડુક્કર, રીંછ;
જંગલી બિલ્લી ને શિઆળ; ભિન્ન હરણ મેદાને બાગ.
સિંધમાં જંગલી ગધેડાં; બ્રહ્મદેશે હાથી, ગેંડા;
હાથી મ્હૈસુરે પણ થાય; બંગ, આસામે ગેંડા સોહ્ય.
સિંધુમાં મગર બહુ રહે, સાપ દક્ષિણ જંગલમાં છે;
હિમાલયે કસ્તુરીમૃગ; કાશ્મીરનાં ઘેટાં સરસ.
ગાય, ભેંસ, બકરાં, ઘેટાં; ઘોડા, ઊંટ, ગધેડાં, કુતરાં;
પાળવા લાયક પશુ ઘણાં; થોકે થોકે નીપજે નહિ મણા.
ચમરીગાય હિમાદ્રિ થાય; ખિસકોલી એ પવિત્ર મનાય.

પક્ષી (૮):—મોર, પોપટ, ગીધ, સમડી; કાગડા, કોયલ, તીતર, ચકલી.
જાતો (૯):—આર્ય, દ્રાવીડ, કોલેરીઅન; પારસી, મુસલમાન, મોંગોલ;
યાહુદી, ખ્રિસ્તી, જંગલી; હિંદુસ્તાનમાં જાતો ઘણી.
ભાષા (૧૦):—બંગાળી, ઉર્યા, હિંદી; પંજાબી ને ગુજરાતી;
ઉર્દુ, સિંધી, મરાઠી; દ્રાવિડી ને અંગ્રેજી.
ખનીજ (૧૨):—કોલસા, કલાઈ, કેરોસીન; લોખંડ, મીઠું, મેંગેનીઝ;
સોનું, તાંબું, પ્લંબેગો; અબરખ, હીરા, માણેકો.

પેદાશ (૧૬)

અનાજ, રૂ, શણ, રેશમ, ઊન; અળસી, તલ, સરસવ ને શીંગ;
દિવેલી, ગળી ને કાસંબ; અફીણ, તમાકુ, ચા ને બુંદ.
રેલવે (૧૭):—બી. બી. સી. આઇ. મુંબઈની, જી. આઈ. પી. રેલ મદ્રાસની;
ઇસ્ટ કોસ્ટ રેલ કલકત્તાની, ઇસ્ટ ઇંડિઆ રેલ દિલ્હીની.
નોર્થ વેસ્ટ રેલ છે પંજાબે, આર. એમ. રેલ રજપુતાને,
બેંગોલ નાગપુર વચ્ચે રેલ, બીજી રજવાડાની રેલ;
આવક (૨૫):—કાપડ, કાગળ, કોલસા, કાચ; રંગ, રમકડાં, રેશમ, રાચ;
દવા, દારૂ ને દીવાસળી; તેલો, ઘડિઆળો, છત્રી.
સોનું, રૂપું, સાકર, ખાંડ; લોઢા-લક્કડના સામાન;
કટલરી, પોટરી, હોજીઅરી; મશીનરી ને સ્ટેશનરી.

બ્રિટિશપ્રાંતો (૧૫)

સરહદ, પંજાબ, સંયુક્તપ્રાંત, બહાર, બંગાળા, આસામ;
મદ્રાસ, મુંબઈ, મધ્યપ્રાંત; અજમેર, કુર્ગ ને અંડામાન.
બ્રહ્મદેશ, સિલોન, બલુચિસ્તાન; બ્રિટિશ ઇંડિઆ પંદર પ્રાંત.
દેશીરાજ્યો (૮)કાશ્મીર, બીજું રજપુતસ્તાન; મધ્યહિંદ, ચોથું ગાયકવાડ;
નિઝામ, મ્હૈસુરનાં સંસ્થાન; ત્રાવણકોર ને બલુચિસ્તાન.
ખનીજો (૧૨) સોનું નીકળે મ્હૈસુર માંય; તાંબું, સીસું બંગાળ થાય;
હીરા પન્ના, ગોવળકોંડા; અબરખ બહાર ને છોટા-(નાગપુર).

ત્રાવણકોરે પ્લંબેગો, મેંગેનીઝ મદ્રાસ ઇલાકો;
ટિનાસરીમ નીકળે કલાઈ, કેરોસીન તેલ બ્રહ્મદેશ માંહિ.
કોયલા બંગાળા, આસામ; મધ્યપ્રાંત અને મદ્રાસ;
લોખંડ મદ્રાસ, વિંધ્યખીણ; મીઠું પંજાબ, સોલ્ટરેન્જ.
યુનિવર્સિટિઓ (૬) મુંબઈ, મદ્રાસ, અલાહાબાદ; લાહોર, બેંગોલ, હૈદ્રાબાદ.
ધર્મોઃ—હિંદુ, બૌદ્ધ ને ઇસ્લામી; ખ્રિસ્તી, જૈન ને પારસી.

મદ્રાસ ઇલાકાની નદીઓ.

પન્નેર, પલાર ને પન્નાર; વૈગા, કાવેરી, કૃષ્ણા;
ગોદાવરી, કોલેરૂન બે, મદ્રાસે એ નદીઓ વહે.

મદ્રાસ ઇલાકાનાં શહેરો.

મદ્રાસ રાજધાની વિખ્યાત, કાંચીમાં દહેરાં પ્રખ્યાત;
બલ્લારીમાં લશ્કર રહે, વિજયનગરનાં ખંડેર છે.
વ્યંકાજીનું તંજાવર, નેગાપટ્ટણ છે બંદર;
પાંડય પુરાણું મદુરામહીં, ત્રિચિનોપલ્લી છાવણી.
શ્રીરંગમ રામાનુજ ધામ, સાલેમમાં પોલાદનું કામ;
ઉત્તાકામંડમાં ઠંડી હવા, કાલીકટમાં ડા—ગામા.
મલબારે બંદર મેંગલુર; તેલીચેરી, કાનાનુર;
મચ્છલીપટ્ટણમાં કોઠી, વિઝાગાપટ્ટણ પેટી.
અંબુર, આર્નો, વાંદીવાસ, કલાઇવ કીર્તિનું આર્કોટ;
પોર્તોનોવો, પોલીલોરઃ આયરકુટનું જબરૂં જોર.

બ્રહ્મદેશનાં શહેરો.

રંગુનમાં ચોખા ને સાગ, માંડલેમાં માણેક પ્રખ્યાત;
આરાકાનમાં છે આફિઆમ, ટિનાસરીમે મોલમીન સાગ.
બાસીન નદી પર છે બાસીન, પ્રોમે કોલસા, કેરોસીન;
અમરપુરા, આવા ખંડેર, ચીન વેપારનું ભામો શહેર.

આસામનાં શહેરો.

સિલહટમાં નારંગી સાર, ચાના બગીચાનું કાચાર;
ગૌહત્તી છે મોટું શહેર, સિલાંગમાં કમિશ્નર રહે.

બંગાળાનાં શહેરો.

કલકત્તામાં શણને ચા, અફીણુ ચામડાં ને ચોખા;
હૌરા, અલિપોર તેના ભાગ, તેલીબીઆં ગળીને લાખ.
ઢાકાની મલમલ વખણાય, બરીસલમાં ડાંગર બહુ થાય;
ચિત્તગાંવના ચોખા સાગ, સિરજગંજે શણુ પ્રખ્યાત.
માલ્દા પાસે પ્રાચીન ગૌંડ, બરાકપુરમાં છાવણી પ્રૌઢ;
ગળી રેશમ મુર્શિદાબાદ, સુરાજઉદ્-દૌલા ત્યાં નવાબ.
હુગલી કોઠી અંગ્રેજ નવા, દાર્જીલીંગની સુંદર હવા;
ચિન્સુરા વલંદાનું, શ્રીરામપુર ડેન લોકોનું.
ચંદ્રનગર ફ્રેંચોનું રાજ્ય, કુચબિહારનું હિંદુ રાજ્ય;
રાણીગંજ ને બનકુરા, કોયલાના ઢગલે ઢગલા.

બહારનાં શહેરો.

પટણા પાસે પાટલીપુત્ર, અશોકનો દાદો ચંદ્રગુપ્ત;
ગયા શ્રાદ્ધ ત્યાં ચૈત્યો દેખ, ગૌત્તમબુદ્ધે લીધો ભેખ.
મોંગીર, બકસર, ભાગલપુર, તીરહત જુનું મિથિલાપુર;
કટક, પુરી જાત્રાનું ધામ, રાંચી, સાકચી, લોઢા કામ.

આગ્રા પ્રાંતનાં શહેરો.

પ્રયાગ જુનું અલાહાબાદ, અકબરે કીધું આબાદ;
બનારસનું બીજું નામ, કાશી જાત્રા જબરૂં ધામ.
કાનપુર કાપડ, ચામડાં, અનાજ; ગાજીપુર અફીણુ ગુલાબ;
ઝાંશી જંક્શન આગ્રા શહેર, તાજમહાલ ત્યાંનો જગજાહેર.
કનોજમાં રાઠોડ જયચંદ્ર; ગોકુળ, મથુરાં, વૃંદાવન;

કૃષ્ણે રાસલીલા બહુ કરી, મીરત છાવણી લશ્કરી,
અલીગઢમાં અલી કોલેજ, સહરાણપુર બગીચા કોલેજ;
રૂડકી ઇજનેરની કોલેજ, દહેરાદુન જંગલ કોલેજ.
નૈનિતાલે સુંદર હવા, બરેલીમાં રોહીલા.

અયોધ્યાનાં શહેરો.

લખનૌ લક્ષ્મીનું છે ધામ, અયોધ્યામાં જન્મ્યા રામ;
ફૈઝાબાદની છાવણી ખરી, રામપુર ગઢવાલમાં છે તરી.

પંજાબ પ્રાંતનાં શહેરો.

લાહોરમાં રણજીતસિંહ થયો, શીખ સરદારી સ્થાપી ગયો;
મીયાનમીરમાં છાવણી છે, દિલ્હી જમના કાંઠે છે.
અકબર, જહાંગીર, શાહજહાં થયા, ઔરંગઝેબના ભભકા ગયા;
મસીદો, મહેલો તોપણ રહ્યાં, અંગ્રેજોને કબજે પડ્યાં.
અમૃતસર શીખોનું ધામ, અંબાલા લશ્કરી મુકામ;
પાણીપતમાં મચીયા જંગ, સ્થાનેશ્વરમાં રાખ્યો રંગ.
સીમલા સુંદર આબોહવા, કસાવલી કુતરાની દવા;
મુલતાન રાવલપીંડી બે, સિઆલકોટમાં છાવણી છે.
ફિરોજશહેર, મુડકી, અલિવાલ; સોબ્રાઉન, ચિનિયન, ગુજરાત;
ભાવલપુર, પતિયાલા, મુદી, નભા; ઝીંદ, ફરીદકોટ, કપુરથલા.

વાયવ્ય સરહદનો પ્રાંત.

એજન્સિઓ:—દીર, સ્વાત ને ચિત્રાલની; ખાઈબર, કુરમ એજન્સિ.
શહેરો:—પેશાવર લશ્કરી છાવણી, ડેરાઇસ્લામખાન સિંધુ ભણી;
ચિત્રાલ ને એડવર્ડસઆબાદ, કોહાટ અને ઍબટાબાદ.

બલુચિસ્તાનનાં શહેરો.

કવેટા લશ્કરી છાવણી, કિલાત ખાનની રાજધાની.

અજમેર મ્હેરવાડાનાં શહેરો.

અજાથી વસીયું અજમેર, ત્યાં ચીશતી દરગાહ કોલેજ.

મધ્ય પ્રાંતોનાં શહેરો.

નાગપુર મથક વેપારી, કામટી છાવણી લસ્કરી;
સાગરમાં લશ્કરી થાણું, જબ્બલપુર વેપારી રેલવેનું.
બુરાનપુર તાપી ઉત્તરે, રેશમી કસબો કાપડ માટે;
અસીરગઢનો કિલ્લો છે, દક્ષિણની એ ભાગળ છે.
ખંડવા ને રાયપુર એ બે, ચાંદા ગોંડ રાજધાની છે;
પંચમડી હવા સ્થળ છે, ચીફ કમિશનર ઉનાળે રહે.
મોટું દેશીરાજ્ય બસ્તાર છે, જગદલપુર ઇંદ્રાવતી પર છે.

વરાડનાં શહેરો.

ઇલીચપુર છે મોટું શહેર, ઇમાદશાહીની હતી લહેર,
ઉમરાવતી, અકોલા બે, રૂ વેપારી એ સ્થળ છે.
આર્ગામ ઐતિહાસિક સ્થળ છે, ઘણી ફળદ્રુપતા વરાડે છે.

દેશી રાજ્યો.

દેશી છસો એંસી છે, નાનાં ચારસો એંસી છે;
કાશ્મીર, ગાયકવાડ, નિઝામ, મ્હૈસુર, મધ્યહિંદ, રજપુતસ્તાન.

કાશ્મીરનાં શહેરો.

શ્રીનગર છે સુંદર શહેર, ઉનાળે મહારાજા લ્હેર;
જમ્મુ મહારાજા કાશ્મીર, લેહ લાડકનું સિંધુ તીર.

રજપુતાના એજન્સિનાં શહેરો.

જોધપુર મારવાડનું એ સ્થળ, જોધાથી વસેલું નગર;
જયપુર જયસીંગદેવે વસ્યું, રમ્ય, મ્યુઝીઅમ વેધશાળે કસ્યું.

ગીતિ.

મહા પ્રતાપી રાણો, મેવાડનો મહીપ,
અનમી અટંકી શૂરો પ્રતાપ હિંદનું નાક;
ઉદેપુર વસાવી, ચીતોડ ઉદ્દવસ્ત,
અકબર સાથે બાંધી, સાચવ્યો સુટેક સત્ય.

અંગ્રેજી રાજ્ય.

સીસોદીઆ પરાક્રમ ઘણાં, ઉચ્ચ કુળે વખણાયા વડા;
ચીતોડ જુની રાજધાની, છેટે શિવાલય એકલિંગજી.
પાસે શ્રીનાથજી મુકામ, વૈષ્ણવ મોટું જાત્રા ધામ;
વિકાથી વસ્યું બિકાનેર, જૈસલથી જેસલમીર,
પ્રદેશ ઉજ્જડ વેળુ તણો, કુવો ખોદવા ઉંડું ખણો.
ભરતપુર માટી કિલ્લો, દીગમાં રાજમહેલ છે ભલો,
ભરતપુર ને ધોળપુર બે, એ સંસ્થાનો જાટનાં છે;
બુંદી, કોટા કિશનગઢ, ટાંક મુસલમાન સંસ્થાન.
શિરોહીમાં આબુનો પહાડ, જૈન દહેરાં ને હવા સ્થળ.

મધ્ય હિંદુસ્તાન એજન્સિનાં શહેરો.

રેવા રાજમાં છે રેવા, બુંદેલખંડ પન્ના, હીરા;
તેહરી બુંદેલાનું રાજ, ઇંદોર અહલ્યાબાઈ હોલ્કર.
ઇંદોર ગવર્નર એજન્ટ રહે, રાજકુમાર કોલેજ છે;
મહુ, નીમચ લશ્કર છાવણી, ભોપાળમાં બેગમ છે ધણી.
શિહુરમાં પોલિટિકલ રહે, ગ્વાલીઅર અથવા લશ્કર છે;
ગ્વાલીઅર સાટે ઝાંસી દીધું, એ સ્થાન સિંધીઆ સરકારનું;
ધાર અને રતલામ એ બે, નાનાં રજપુત રાજ્યો છે.

નિઝામ રાજ્યનાં શહેરો.

હૈદરાબાદ મુસી ઉપર, રાજધાની ચોથું નગર;
સિકંદરાબાદ, બોલારમ બે, લશ્કરી એ થાણાં છે.
ઔરંગાબાદમાં રોઝા, ઔરંગઝેબ પુત્રી મુકરબાનો;
દેવગઢ–દોલતાબાદ કિલ્લો, રામદેવ. મહંમૂદ ગાંડો;
ગોવળકોંડા જુની રાજધાની, હીરા માટે એની ખ્યાતિ;
વરંગુળ તેલંગણની છે, બીદર બરીદશાહીની છે.

કલ્યાણ ચાલુક્યની છે, એ ત્રણે રાજધાની છે;
રાયપુર રેલવે જંકૃશન છે, આસાઈ એતિહાસિક શહેર છે,
ઇલોરા ને અજિંટા પ્રસિદ્ધ દેવાલય ગુફા;
બૌદ્ધ ને હિંદુ લોકોનાં, પહાડ કોતરી કાઢેલાં.

મ્હૈસુરનાં શહેરો.

બાંગલોર–બંગલૂર સારી હવા, વિદ્યા શોધખોળ સંસ્થા;
મિલો સુતરાઉ ગરમ કાપડ, લશ્કરી છાવણી રેસિડન્ટ.
કોલર હૈદર જન્મભૂમિ, સોના ખાણો કાઢે ખણી;
મ્હૈસુર હાલની રાજધાની, શ્રીરંગપટ્ટણ જુની ટીપુની.
શ્રીરંગપટ્ટણ ખરાબ હવા, તેથી ખંડિએર દુર્દશા.

સ્વતંત્ર રાજ્યો.

નેપાળનાં શહેરો.

ખટમંડુ છે રાજધાની, ગુરખા સૈનિક બૌદ્ધ ધર્મી.

ભુતાનનાં શહેરો.

રાજધાની છે પુનાખા; મીણ, ઊન, કસ્તુરી ઘોડા.

ફ્રેંચ સંસ્થાનોનાં શહેરો. (૫)

પાંડિશેરીમાં ગવર્નર, કારીકલ ને ચંદ્રનગર;
યાનાન ગોદાવરી મુખે, માહી મલબાર કિનારે.

ફિરંગી સંસ્થાનો. (૩)

દીવ, દમણ અને ગોવા, નાળિએર, સોપારી, માછલાં.

સિલોનનાં શહેરો.

કોલંબો રાજધાની બંદર, ચા, ગુંદ, તજ, ને કોપરેલ;
ત્રિંકોમાલી લશ્કરી, બંદર પોઇંટ દીગાલી,
કાંદી જુનું રાજધાની શહેર, જાફના હિંદ સાથે વેપાર.

એશિઆખંડનું સામાન્ય વર્ણન.

દેશો.

દક્ષિણે હિંદ, હિંદીચીન; પૂર્વે બે જાપાન ને ચીન;
ઉત્તરે રશિઆનું રાજ્ય; પશ્ચિમ દેશો મુસલમાન,
તુર્કસ્તાન ને અરબસ્તાન, ઇરાન ને અફઘાનિસ્તાન.

પર્વતો:—હિમાલય, કારાકોરમ બે; ક્યુએનલુન ને થ્યાન્શાન છે;
આલ્તાઈ, યાબ્લોનોઈ, સ્ટેનોવોઈ; હિંદુકુશ, એલ્બુર્ઝ, તોરસ ભાઈ.
સુલેમાન ને હાલા બે; કોકેસસ ને યુરલ છે.

નદીઓ:—યુરલ, ઇર્ટિશ ને ઓબી, લીના, આમુર, યેનેસી;
યાંગસેક્યાંગ ને હોઆંગહો; મેકાંગ ને કમ્બોડિઆ કહો.
યુફ્રેટિસ, ટૈગ્રિસ બે બે'ન; આમુદર્યા, સિરદર્યા બેન;
આક્સસ કિંવા આમુદર્યા, જક્સારટિસ-સીહુન-સિરદર્યા.

મુખ્ય સરોવરો—કાસ્પિઅન, આરલ ને મૃત્યુ, બલકાશ, બૈકલ, રાવણહૃદ

મીઠા પાણીનાં સરોવરો.

બૈકલ છે સૈબિરીઆ, રાવણહૃદ ને માન;
તેમ્રિનોર ને પાલ્ટી, વુલર, ઢેબર જાણ.

ખારા પાણીનાં સરોવરો.

કાસ્પિઅન, એરલ, બલકાશ; વાન, મૃત્યુ, ઉરુમિઆ ખાસ;
પુલિકટ ને કોલર બે, ચીલકા અને શાંબર છે.

સમુદ્રો.—બેરીંગ; ઓખોટ્સ્ક, જાપાન; પીળો, ચીનાઈ, પૂર્વે જાણ;
બંગાળી, અરબી ને રેડ; ભૂમધ્ય, માર્મોરા, બ્લેક.

દ્વીપકલ્પો:—કામસ્કાટ્કા, કોરિઆ જાણ, હિંદી, હિંદુ, અરબસ્તાન.

સામુદ્રધુનીઓ (૭):—
બાબલમાંડબ, ઓરમઝ, પાક; બેરિંગ, કોરિઆ, ફોરમોસા;
મલાકા છે છેલ્લી એક; સામુદ્રધુની એ તો લેખ.

ભૂશિરો (૮):—ચેલિસ્કીન ને બાબા કેપ; રોમાનિઆ ને પૂર્વ કેપ;
રાસ અલહદ ને કુમારિકા, કેપ નિગ્રેસ ને લોપાટકા.
દ્વીપો:—નવો સૈબીરિઆ નામે બેટ; કયુરાઇલમાં જવાળા દેખ;
સગેલિઅન, જાપાની રાજ્ય; લુચુ, ફોરમોસા, હૈનાન.
પિનાંગ ને સિંગાપુર જી; સિલોન, સૈપ્રસ અંગ્રેજી.

રણો (૪)

પૂર્વ ઇરાન, અરેબિઆ જાણ, રાજપુતાના વાયવ્ય પશ્ચિમ;
બંદરો:—સ્મર્ના, મુંબઈ મોટાં બે; કલકત્તા, કોલંબો છે;
સિંગાપોર ને શાંગહાઈ બે, હાંગકાંગ ને યોકોહામા છે.

હિંદનાં શહેરો.

મુંબઈ, મદ્રાસ, કલકત્તા; લાહોર, અલાહાબાદ, ઢાકા;
રંગુન, નાગપુર, હૈદરાબાદ; દિલ્હી, કાશી, અમદાવાદ.

હિંદી ચીનનાં શહેરો.

હનોઇ, ટોનકીન; બાંગકોક, શિઆમ; નોમ્પેન, કંબોજ, યુએ અનામ;
સેગોન બંદર દરીએ દૂર, જ્યોર્જ ટાઉન ને સિંગાપુર,

ચીનનાં શહેરો.

કન્ટોન, શાંગહાઈ, ટિએન્ટ્સિન, ફુચો, વિક્ટોરિઆ, પેકિન;
પોર્ટ આર્થર ને કિરિનઉલા, મૈમશિન માર્ગે ઉર્ગા.
યારૂકંદ, કાશ્ગર છેલ્લાં બે, લાસામાં લામાજી રહે.

જાપાનનાં શહેરો.

ટોકિઓ મકાડોનું રાજ્ય, યોકોહામા ને ઓસાક;
કિઓટો, નાગાસાકિ, કોરિઆનું સેઓલ બાકી.

રશિઆનાં શહેરો.

ટોબોલ્સ્ક ને ટોમ્સ્ક, ઇરકુટ્સ્ક ને ઓમ્સ્ક;
પેટ્રોપોલ્સ્ક, યેકુટ્સ્ક; વર્કોવાન્સ્ક, ઓખોટ્સ્ક.
વ્લેડીવોસ્ટોક નૌકાસ્થળ, રશિઆનાં એ મુખ્ય સ્થળ.

રશિઅન તાર્તરીનાં શાહેરો.

તાશ્કંદ, ખોકંદ, બોખારા, સમરકંદ અને ખીવા;
કોકેશિઆ—ટિફ્લિસમાં ગંધકની ગંધ, બાકુ, બાટુમ કેરોસીન.

એશિઆઈ તુર્કસ્તાન.

સ્મર્ના, સ્કુટરિ બ્રુસા; અર્જરુમ, વાન ને અંગોરા;
નિનેવેહ, બાબીલન, બસરા; મોસલ, બગદાદ, કરબલા.
દમાસ્કસ, યરૂશાલેમ; જાફા, અલેપો, બેથ્લહેમ.

અરબસ્તાનનાં શાહેરો.

મક્કા, જિદ્દાહ, મદીના, મોકૂબા, મસ્કત ને સેના;
એડન બંદર છે આથે, મુંબઈ સરકારને તાબે.

ઇરાનનાં શાહેરો.

તેહરાન, તબ્રિઝ ને શિરાઝ, ઇસ્પહાન, બુશાયર, અબ્બાસ;

અફ્ઘાનિસ્તાનનાં શાહેરો.

કાબુલ, કંદહાર ને હેરાત, ગઝની ને જલાલાબાદ.

યુરોપખંડનું સામાન્ય વર્ણન.

દેશો:-ઇંગ્લાંડ, સ્કોટ્લાંડ, આયર્લાંડ; સ્વીડન, નોર્વે, રશિઆ ઝાર;
જર્મનિ, ડેન્માર્ક જ બે, હોલાંડ ને બેલ્જિઅમ છે.
ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લાંડ બે; આસ્ટ્રિઆ ને હંગરિ છે;
રુમાનિઆ, બલ્ગેરિઆ બે; સર્વિઆ, મોંટીનીગ્રો છે.
તુર્કસ્તાન ને ગ્રીસ એ બે; ઇટાલિ, સ્પેન, પોર્ટુગાલ છે.
પર્વતો:-આલ્પ્સ, એપીનાઇન, કાર્પેથિઅન; બાલ્કન, પિરિનીઝ, ગ્રેમ્પિઅન;
વીસુવિઅસ, એટ્ના, હેકલા, એ ત્રણ જ્વાળામુખી ખરા.
નદીઓ:—વોલ્ગા, યુરલ, ડાન્યુબ, ડોન; નીપર, ઢીના, ડ્યુના, ન્હોન;
એલ્બ, ઓડર ને વિસ્ટ્યુલા; ટેમ્સ, ટેગસ ને પેટ્ચોરા.

સેન, લુઓર ને પો નદી; હ્રાઇનની શોભા છે અતિ.
સમુદ્રો:—શ્વેત સમુદ્ર, બાલ્ટિક એ; જર્મન, આઇરિશ ને બિસ્કે;
ભૂમધ્ય તો ભૂલી મધ્ય; આડ્રિઆટિક ને ઇજીઅન.
મામોરા, કાળો, આઝોવ; કાસ્પિઅન ને સરોવર કહો.
સરોવરો:—લાડોગા, ઓનેગા એ; જીનીવા ને કોન્સ્ટન્સ છે;
વેનર, વેટર છેલ્લાં એ; યુરોપનાં એ સરોવર છે.
દ્વીપકલ્પો:—ઇટાલિ, બાલ્કન, ક્રિમીઆ: આઇબીરિઅન, સ્કેન્ડીનેવિઆ;
જટ્લાંડ, દક્ષિણે મોરીઆ, એશિઆ યુરોપ યુરેશિઆ.
દ્વીપો:—નોવાઝેમ્બ્લા, સ્પિટ્ઝ્બર્ગેન, આઇસ, આયર ને ગ્રેટબ્રિટન;
ફ્યુનેન, ઝીલાંડ, ને લાલાંડ, બોર્નહોમ, ગોથ્લાંડ ને ઓલાંડ.
સાર્ડિનિઆ ને કોર્સિકા; સિસિલિ, માલ્ટા, કેન્ડિઆ.
ભૂશિરો:—ઉત્તર કેપ, નોર્ડ્કીન, રોકા; માટાપાન ને ટારિફા;
સ્પાર્ટવેન્ટો ને લુકા, પાસ્સારો એ ઇટાલિમાં.
અખાતો:—ફિન્લાંડ, રેગા, બોથનિઆ, ટારાન્ટો ને જિનોઆ;
બૈઓન્સ, વેનિસ બીજા એ, ઇંગ્લિશ ચાનલ ખાડી છે.
સામુદ્રધુનીઓ:—સાઉન્ડ, સ્કેગર રેક, ડોવર; કાટેગાટ ને જિબ્રાલ્ટર;
બોનિફેશિઓ, મેશીના એ, હેલીસ્પોન્ટ ને બોસ્પરસ છે.

વનસ્પતિ—ઝાડો.

ઓક, એશ, એલ્મ, લોરલ ને બીચ; બુચ, ચેસ્ટનટ, શેતુર, ઓલિવ.;

ઇંગ્લાંડનાં શહેરો.

લંડન, ગ્રીનિચ પાસે એ; લિવરપૂલ, માન્ચેસ્ટર છે.
શેફીલ્ડ વચ્ચે બર્મિંગહામ, છરી ચપ્પુ લોઢાનાં કામ.
લીડ્ઝ ગરમ કાપડનું શહેર, વિંડ્સર કિલ્લે રાજા લ્હેર;
ઓક્સ્ફર્ડ, કેમ્બ્રિજ ને ડર્હામ, લંડન વિશ્વવિદ્યાલય જાણ,
કેન્ટરબરીને યાર્ક એ જાણ, ધર્માધ્યક્ષનાં મોટાં સ્થાન;

પોર્ટસ્મથ, પ્લિમથ કાંઠે એ, નોકાસૈન્યનાં એ સ્થળો છે;
ઇટન, વિંચેસ્ટર, હેરો; રગ્બી મોટી શાળાઓ.
કાર્ડિફ વેલ્સે મોટું શહેર, ટાવર કિલ્લો જુલિઅસ સીઝર.

ઇંગ્લાંડનાં બંદરો.

સાઉથામ્પ્ટન, ગ્લાસ્ગો ને હલ; કાર્ડિફ વેલ્સ ને ન્યુકેસલ;
સુતરાઉ કાપડ લિવરપૂલ; લોખંડ ગ્લાસગોમાં ભરપુર.

ઇંગ્લાંડની નિકાસ.

કાગળ, કાપડ, સાંચાકામ, કોલસા, લોઢાનો સામાન;
દવા, રમકડાં, વાસણુ થાય; એ બંદરથી વિદેશે જાય.

ઇંગ્લાંડની આયાત.

અનાજ, રૂ, ઊનની આયાત; સોનું, રૂપું, સાગ ને ખાંડ;
બીઆં, ગુંદ, તમાકુ શણ; રેશમ, ચા, દારૂ, માખણ.

સ્કોટ્લાંડનાં શહેરો.

વિશ્વવિદ્યાલય એડિન્બરો, કાપડ વ્યવહાર એન્જિન ગ્લાસ્ગો;
પેસ્લી સુતર, ડંડી શણ; ગ્રીનોક, લીથ ને આબર્ડીન.

આયર્લાંડનાં શહેરો.

ડબ્લીન, બેલ્ફાસ્ટ, લિમરિક; આયર્લાંડનાં શહેરો શીખ.

નોર્વેનાં શહેરો.

ક્રિસ્ટિઆનિઆ, ટ્રોન્યેમ બે શહેર, નોર્વે હેમરફેસ્ટ લ્હેર.

સ્વીડનનાં શહેરો.

સ્ટોકહોમ, અપ્સાલા સુંદર; ગોટેન્બર્ગ સ્વીડન બંદર.

રશિઆનાં શહેરો.

પેટ્રોગ્રેડ, મોસ્કો જોડ; વાર્સો, લોડ્ઝ, નિઝનિ નોવ્ગોરોડ;
હેલ્સિંગફર્સ ને સેબાસ્ટોપોલ, રશિઆ ઝારનાં શહેરો બોલ.

જર્મનિનાં શહેરો.

બર્લિન, હામ્બર્ગ, હાનોવર; મ્યુનિચ, ડ્રેસ્ડન, સ્ટટ્ગાર્ટ;

એલાશાપેલ ને લિપ્ઝિક એ, જર્મનિનાં એ શહેરો છે.

ડેન્માર્કનાં શહેરો.

કોપન્હેગન, રીકઝેબિક; ડેન્માર્કનાં શહેરો શીખ.

હોલાંડનાં શહેરો.

યુટ્રેક્ટ એતિહાસિક શહેર; આમસ્ટર્ડામ, હેગ બે નગર.

બેલ્જિઅમનાં શહેરો.

બેલ્જિઅમ, વોટરલુ, બ્રસેલ્સ, આન્ટ્વર્પ બંદર સોથી શ્રેષ્ઠ.

ફ્રાન્સનાં શહેરો.

પારિસ, લૈઓન્સ, બોર્ડો, નાન્ટ્સ; શેરબર્ગ, બ્રેસ્ટ એ નૌકાસૈન્ય;
માર્સેલ્સનું મોટું બંદર, રેલવે માર્ગે જાય ઈંગ્લાંડ.

સ્વિત્ઝર્લાંડનાં શહેરો.

સ્વિત્ઝર્લાંડ જીનીવા, બર્ન, ઝુરિચ સૌથી મોટું ગણ.

આસ્ટ્રિઆ ને હુંગરિનાં શહેરો.

વિએના, બુડા ને પેસ્ટ; ક્રાકો, ફ્યુમ, પ્રેગ ને ટ્રીએસ્ટ.

બાલ્કન દ્વીપકલ્પ.

બુકારેસ્ટ, જેસી ને ગલેઝ; રુમાનિઆમાં એ છે બેશ;
ફિલિપોપોલિસ. સોફાયા; રુમાલિઆ ને બલ્ગેરિઆ.
બેલ્ગ્રેડ સર્વિઆમાં છે; મોંટીનીગ્રો સેંટિજે છે.

તુર્કસ્તાનનાં શહેરો.

ઇસ્તમ્બુલ-કોન્સ્ટાન્ટિપલ; સાલોનિકા, આડ્રિઆનો પલ;
ગાલિપોલિ ડાર્ડનલ્સ પર, દરિઆઈ કાફલાનું બંદર.

ગ્રીસનાં શહેરો.

આથેન્સ, પત્રાસ, ને સ્પાર્ટા, સાલેમિસ, મેરથોન, પ્લેટીઆ.

ઇટાલિનાં શહેરો.

રોમ્યુલસનું રોમ, નેપલ્સ; મિલાન, પાલર્મો, વેનિસ.

સ્પેનનાં શહેરો.

માડ્રિડ ને બાર્સીલોના, જિબ્રાલ્ટર, વાલેન્શિઆ.

પોર્ટુગાલનાં શહેરો.

લિસ્બોન શહેર અને બંદર, ઓપોર્ટોમાં દ્રાક્ષાસવ.

આફ્રિકાખંડનું સામાન્ય વર્ણન.

પહાડો (૫):—એટ્લાસ, કામેરુન, ડ્રેકનબર્ગ; કિલિમાન્જારો, કેન્યા સર્વ.
રણો (૨):—સહરામાં સિમૂમ બહુ વાય, કલહરિમાં પાણી ન હોય.
નદીઓ (૪):—નાઇલ, નૈઝર, કોંગો એ ત્રણ, ઝામ્બેસિ એ ચોથી ગણ;
નૈઝર–જોલીબા–કોરા ઓળખે, પૂર્વે બેનુ તેને મળે.
બહરેલ ગઝલ, ભૂરી નાઇલ, મળે સફેદ નાઇલ એ નાઇલ.
ધોધ (૩):—રીપન, સ્ટેન્લી, વિક્ટોરિઆ; ધોધ ભલા એ આફ્રિકા.
સરોવરો:—વિક્ટોરિઆ, આલ્બર્ટ ન્યાઝાં, ટાંગાનીકા ને ન્યાસા;
એંગવેલો, ગામી ને ચાડ, એ સાત છે સરોવર;

અખાત–બૈટ કે ઉપસાગર.

કિનારો:—સિદ્રા, કાબેસ ઉત્તર માંહ્ય, ગિની, બેનિન, બિઆફ્રા;
ડેલાગોઆ, સોફાલા; એડન, મોઝામ્બિક ખાડા,
ભૂશિરો:—બોન, સ્પુટા, ગ્વાર્ડાફુઇ ખાસ, બ્લાંકો, વર્ડ અને પાલ્માસ;
કેપ ઓવ્ ગુડહોપ, આગુલ્હાસ; કોરીન્ટઅસ, ડેલગાડો ખાસ.

ખનીજ અને નિકાસ.

ટ્રાન્સવાલ સોનાની ખાણો, કિંબર્લી હીરા હારો;
નીપજે સોનું, રૂપું, સીસું; લોખંડ, હીરા ને મીઠું.
હજારો હાથીને હણ્યા, હાથીદાંતો વેચે ઘણા.
શાહમૃગનાં પીછાં ને ઊન, ઇંડિઆ રબર રૂ ને ગુંદ;

ગળી, મગફળી, ગુંદર, ઓળીઓ, આફ્રિકામાં પાકે ઘણો.
જનાવરો:—સિંહ, ચિત્તા, હાથી, ગેંડા, હિપોપોટેમસ, જિબ્રા;
જિરાફ, બેબુન, ગોરિલા; બે ખુંધવાળાં ઊંટ ઘણાં.
મગર, શાહમૃગ કે ઓસ્ટ્રિચ, જનાવરની જાતો એ શીખ.
લોકો:—હેમાઇટ, સેમાઇટ બે, હબસી સીધી કાળા છે;
બાન્ટુમાં કાફર, ઝુલુ; બુશમેન, હોટેન્ટોટ ઉલ્લુ.
ભાષા:—અરબી, બરબર, બાન્ટુ મુખ્ય; બોલાય બીજી ભાષા છસેં.
ધર્મો:—ઉત્તરમાં મુસલમાની, આબિસિનિઆમાં ખ્રિસ્તી;
મધ્યમાં પૂજે ઝાડ ને પ્રેત, કોલોનિમાં પ્રોટેસ્ટન્ટ.

ઉત્તર આફ્રિકા.

બર્બરનાં બાર્બરી સંસ્થાન; મીસર, હબસી દેશ સુદાન;
મોરોક્કો મોરોક્કો, ફેઝ, તાંજીર અગત્યનું છે શહેર.
અલ્જીરિઆ-અલ્જીઅર્સ શહેર, ટ્યુનિસ બંદર કાર્થેજ ખંડિએર;
ટ્રિપોલિ ઇટાલિ સંસ્થાન, ટ્રિપોલિ મુખ્ય બંદર જાણ.
ઇજિપ્ત મીસર દેશ ખેદિવ, પિરામિડ ત્યાં પ્રાચીન દિવ્ય;
કેરો, અલેક્ઝાન્ડ્રિઆ શહેર; પોર્ટસૈડ ને સુએઝ નહેર.
ન્યુબિઆ, ડાર્ફુર, કાર્ડોફાન; બહરેલ ગઝલ, ઇજિપ્શિઅન સુદાન;
સત્તા ત્યાં બ્રિટિશની છે, ખાર્ટુમ, ઓમ્દર્મન ગાદી છે.
સુદાન હબસીઓનો દેશ, જુદો જુદો તે પ્રદેશ.
ગોંડો, ટિંબક્ટૂ, બંબારા, કાનેમ; બાગીર્મિ વાડાઈ ફ્રાન્સ તાબે.
સોકોટો બોર્નુ પ્રદેશ, વાડાઇ પૂર્વે નાઇલ અંગ્રેજ;
ટિંબક્ટૂ છે મુખ્ય શહેર, બ્રિટિશના રક્ષણ હેઠળ.

પશ્ચિમ આફ્રિકા.

સેનીગાંબીઆ સેંટલુઇ, બાથર્સ્ટ; ફ્રેંચ અંગ્રેજ અનુક્રમ;
દક્ષિણે અપર ગિની; પોર્ટુગીઝ ગિની, ફ્રેંચ ગિની.

સીએરાલીઓન બ્રિટિશ સંસ્થાન, મુખ્ય શહેર તેનું ફ્રી ટાઉન;
લિબારીઆનું મન્રોવિઆ, સંસ્થાન એ અમેરિકા;
આઇવરી–હાથીદાંત આરો, પ્રદેશ એ ફ્રેંચ તાબાનો;
સુવર્ણ આરો–ગોલ્ડ કોસ્ટ, આક્રા તેનું મુખ્ય પોર્ટ.
અંગ્રેજ તાબે એ તો સહી, આશાંટિ ઉમેર્યું મહીં;
પૂર્વે ટોગો લાંડ જર્મનિ, ફ્રાન્સ તાબાનું ડેહોમી.
ડેહોમી પૂર્વે નૈજીરિઆ, બ્રિટિશ પશ્ચિમ આફ્રિકા;
સોકોટો બોર્નુનાં રાજ્ય, નૈજીરિઆ રક્ષણ હેઠળ.
નૈજીરિઆનું મુખ્ય શહેર; લેગોસનું એ છે બંદર;
લોઅર ગિની, જર્મન કામરૂન, ફ્રેંચ કોંગો સ્ટેટ બેલ્જિઅમ.
ફ્રીઓ સુધી પોર્ટુગીઝ તે, સેંટ પાલ ડી લોઅન્ડા પોર્ટ છે.

દક્ષિણ આફ્રિકા.

ફ્રીઓ ઓરેન્જ જર્મનિ, મુખ્ય શહેર વિંધાઇક;
કેપ કોલોનિ ને નાતાલ, ઓરેન્જ નદીનું ને ટ્રાન્સવાલ.
રોડેશિઆ, બાસુટો લાંડ; સ્વાઝી ને બેશુઆના લાંડ;
કોલોનિ, નાટાલ, ટ્રાન્સવાલ; ઓરેન્જ ફ્રી સંયુક્ત સંસ્થાન.
ટ્રાન્સવાલ ગાદી પ્રીટોરીઆ; કેપ ટાઉનમાં મળે સભા,

કેપ કોલોનિ.

હીરા, તાંબું ને કોયલા; ઊન, શાહમૃગ, પીછાં, ચામડાં;
પોર્ટ ઇલિઝાબેથ, ઈસ્ટ લંડન; પોર્ટ આલ્ફ્રેડ ત્રીજું બંદર.
ટેબલ પહાડ તળેટીએ, કેપ ટાઉન રાજધાની છે;
ગ્રીકા લાંડ વેસ્ટ કિંબર્લિ, હીરાખાણની ત્યાં ખ્યાતિ.
ગ્રેટ કારૂ મેદાન પહાડોમાં, ઉછેરે શાહમૃગ, ઘેટાં.

નાતાલ અને ઝુલુ લાંડ સંસ્થાન.

નાતાલ એ છે બગીચો, શેરડી, રૂ, કેળાં, બુંદ ચીજો;
પીટર મારિટ્ઝ બર્ગ મુખ્ય શહેર, ડર્બન–પોર્ટ નાતાલ બંદર.

ટ્રાન્સવાલ સંસ્થાન.

વાલ નદી ઉત્તરે ટ્રાન્સવાલ, સુવર્ણ ખાણો છે પુષ્કળ;
જોહાન્સબર્ગમાં ખાણો ઘણી, ટ્રાન્સવાલે બોર વસ્તી ઘણી.
પ્રીટોરીઆ રાજધાની શહેર, બ્રિટને જીત્યું બોર કરી જેર.

ઓરેન્જ સંસ્થાન.

નદી ઓરન્જથી ઓરેન્જ પડ્યું, ઢોર ઉછેરવા લાયક બન્યું.
બ્લોમફાંટિન્ છે મુખ્ય શહેર, હીરા, ચામડાં, પીછાં, ઊન.
બાસુટો લાન્ડમાં પાકે ધાન્ય, ઢોર ઉછેરે ઘાસ ત્યાં થાય;
સ્વાઝી લાંન્ડ ઝુલુ ઉત્તરે, બેશુઆના લાડ, બ્રિટિશ રક્ષણે.
બેશુઆના લાંડ મકાઈ, ચામડાં; રોડેશિઆ બે ભાગો ભલા;
ઉત્તર, દક્ષિણ રોડેશિઆ; તાંબું, સાગ, રબ્બર ઇંડિઆ.
દક્ષિણે ખનીજ સોનું; ફળદ્રુપ અન્ન, તમાકુ, રૂ;
સેલિસ્બરી મશોના લાન્ડ, બુલવયો માટાબીલી લાન્ડ.

પૂર્વ આફ્રિકા.

ફિરંગી પૂર્વ આફ્રિકા.

સોફાલા ને મોઝાંબિક, લોરેન્ઝોમાર્ક પોર્ટ ફિરંગી.

જર્મન પૂર્વ આફ્રિકા

ડેલગાડોથી પેમ્બા સુધી, જર્મન પૂર્વ આફ્રિકા હદી;
કિલિમાન્જારો ઉચ્ચ શિખર; પેદાશ હાથીદાંત, રબર.
દારાએસસલામ રાજધાની શહેર, પૂર્વ જર્મનનું એ બંદર.

બ્રિટિશ મધ્ય આફ્રિકા પ્રોટેક્ટરેટ.

ઝામ્બેસિ ટાંગાનીકા તક, બ્રિટિશ મધ્ય આફ્રિકા પ્રોટેક્ટરેટ;
બ્લેનટાયર છે મુખ્ય શહેર, મરચાં, હાથીદાંત, ચા, રબર.
રૂ, મગફળી, તમાકુ બુંદ; સોનું, તાંબું, કોલસા, લોખંડ,

બ્રિટિશ પૂર્વ આફ્રિકા.

બ્રિટિશ પૂર્વનું મોમ્બાસા, પ્રોટેક્ટરેટ એ યુગાન્ડા;

ઝાંઝિબાર સુલતાનનો બેટ, ઉત્તરમાં પેમ્બાનો બેટ.
ઝાંઝિબાર મોટું છે શહેર; નીપજ લવિંગ, હાથીદાંત, રબર;
કોપરેલ, ગુંદર નીપજે ઘણું, બેટ ઉપર તે શહેરજ વસ્યું.

સોમાલી લાન્ડ.

સોમાલી લાન્ડમાં સોમાલી છે, બ્રિટિશ ફ્રેંચને તાબે છે;
બર્બેરા બ્રિટિશ સોમાલીનું, જીબુટી ફ્રેંચ સોમાલીનું.
ઇરિટ્રિઆ ઇટાલિ મુલક, મસોઆ બંદરે મીઠાનો પાક.

આબિસિનિઆ.

આબિસિનિઆ પહાડી પ્રદેશ, ઓડસ અબીબા રાજધાની શહેર;
શેરડી, રૂ, ગુંદ, ગળી, કેળાં, નીપજે ગરમ પ્રદેશે ઘણાં.
પાકે મીઠું, રૂપું, સુરો; ગંધક, તાંબું એ ખનીજો.

આફ્રિકાના ટાપુઓ.

અઝોર્સ, મદીરા પોર્ટુગાલ; નારંગી, મેવો, દારૂ, ખાંડ;
કેનેરી મુખ્ય ટેનેરિફ સ્પેન, કેપ વર્ડ દ્વીપ–ભૂશિર પોર્ટુગાલ,
ગિની અખાતમાં ટાપુ ઘણા, સ્પેન પોર્ટુગાલ તાબાના;
ફર્નાન્ડોપો, અનાબોન સ્પેન; સેંટ ટોમસ, પ્રિન્સેસ પોર્ટુગાલ.
આટ્લાંટિક ટાપુ બ્રિટિશ; સેંટ હેલિના ને એસેન્શન;
નેપોલીઅનને ફ્રાંજી બોર, સેંટ હેલિના કીધા કેદ.
હિંદી મહાસાગરમાં માડાગાસ્કર, તાનાનારીબા મુખ્ય શહેર;
ફ્રેંચ તાબાનો એ છે બેટ; સોનું, લાકડું, વેનીલા, ખાંડ.
ચોખા ને ઇંડિઆ રબર, ચામડાં, ગુંદ ને નીપજે ઢોર;
પૂર્વે રીયુનિયન–બુર્બોન, ઉત્તરે કોમોરો ફ્રાન્સ.
મોરેશિઅસ બ્રિટિશ સંસ્થાન, શેરડી, ખાંડ મારસનું સ્થાન;
પોર્ટ લુઇ તેનું મુખ્ય શહેર, રોડ્રિગ્સ નાનો બેટ મોરેશિઅસ.
સેશલ બેટ બ્રિટિશ સંસ્થાન; પાકે વેનીલા, નાળિએર, કોપરેલ;
સોકોટ્રા મુંબઈ સરકાર; નીપજે એળીઓ ત્યાં અપાર.

અમેરિકા ખંડનું સામાન્ય વર્ણન.

ઉત્તર અમેરિકા.

પર્વતોઃ—રોકી, કેસ્કેડ સિએરા નીવેડા, એપેલિશિઅન આલ્બામા;
ઇલિઆસ, એરિઝોબા એ, પોપો કેટી પટેલ છે.
નદીઓઃ—યુકોન ને કોલમ્બિઆ એ, કોલોરેડો પશ્ચિમે;
માકેન્ઝી, સસકેટ ચેવન, ઉત્તરની તે છે નેલ્સન.
સેંટ લારેન્સ, મિસિસિપિ; રેડ, ઓહિઓ ને મિસૂરિ;
અર્કનસાસ મિસૂરીને મળે, રિઓ ગ્રાન્ડ ડેલનાર્ટ પૂર્વે પડે.
ધોધઃ—નિઆગરા.
સરોવરોઃ—સુપીરિઅર, હુરોન, એરી, આન્ટારિઓ, ડીટોઇટ, મેરી;
ગ્રેટ બેર, ગ્રેટ સ્લેવ, ગ્રેટ સાલ્ટ ત્રણ; આથાબાસ્કા, વિનિપેગ, મિશિગન

અખાત અને ઉપસાગરો.

સેંટ લારેન્સ, હડ્સન, બાફિન; મેક્સિકો ને કારિબીઅન;
ફંડી, છટ્ટો પૂર્વે છે, કાલિફોર્નિઓ પશ્ચિમે.
બેટોઃ—ગ્રીન લાંડ ને ન્યૂ ફાઉન્ડ લાંડ એ, કેપ બ્રિટન, પ્રિન્સ એડવર્ડ એ;
વેસ્ટ ઇન્ડીઝના ઝાઝા બેટ. વાન્ કુવર ને કવીન શાર્લોટ.
સામુદ્રધુનીઓ—હડ્સન, ડેવિસ ઉત્તરે; બેરિંગ, બેલીઆઇલ છે પૂર્વે.
દ્વીપકલ્પોઃ—લાબ્રાડોર, નોવાસ્કોશિઆ, યુકાટાન ને ફ્લોરિડા;
અલાસ્કા, કાલિફોર્નિઆ, દ્વીપકલ્પો એ પશ્ચિમના.
ભૂશિરોઃ—ફેરવેલ, રેસ, સેબલ ને કોડ, પ્રિન્સ ઓવ્ વેલ્સ ભૂશિરો જોડ;
વનસ્પતિઃ—પાઇન, પેપલર, ઓક; ઘાસ, પ્રેરી શેવાળને લીલ.
નીપજ—મકાઈ, ઘઉં, રૂ, મુખ્ય ખેતી; ચોખા, તમાકુ, બટાટા, શેરડી;
દક્ષિણ ગરમ પ્રદેશે થાય, અંજીર, લીંબુ, નારંગી હોય.
જનાવર—ઘોડા, ઢોર ને ઘેટાં ગ્રામ્ય, રીંછ હરણ ને મૂસ હરણ;

રેન્ડીઅર ને બીવર બે, બાઇસન, સીલ ને મગર છે.
ખનીજ—સોનું, રૂપું, નિકલ, સીસું; પશ્ચિમ ઉચ્ચ પ્રદેશે બધું;
કોલસા, લોખંડ, કેરોસીન, પૂર્વ ઉચ્ચ પ્રદેશે ખનીજ.
મેક્સિકોમાં ઘણું રૂપું, સુપીરિઅર કાંઠે તાંબું.
લોકો:—યુરોપીઅન ને સીધીઓ; મૂળવતની ને એસ્કિમો.
રાજ્યો:—કાનડાનું બ્રિટિશ સંસ્થાન, યુનાઇટેડ પ્રજાસત્તાક;
મેક્સિકો મધ્ય અમેરિકા, વેસ્ટ ઇન્ડીઝ, ગ્રીનલાંડ જુદાં.

કાનડાનું રાજ્ય.

શહેરો:—ક્વીબેક, ટોરોન્ટો, ઓટાવા; મોન્ટ્રિઅલ,વિનિપેગ,વિક્ટોરિઆ;
નીપજ:—લાકડું, ઘઉં, ઘાસ, કેરોસીન; તાંબું, સોનું, નિકલ, લોખંડ.
નિકાસ:—લાકડું, ઢોર, કોડ ને ઘઉં; ઘાસ, રૂવાં, સોનું, રૂપું;
આયાત:—લોઢું, પોલાદ, દારુ, કાપડ; ચા, રેશમ, ગુંદ ને ખાંડ.

ન્યૂ ફાઉન્ડ લાંડ.

દ્વીપકલ્પ લાબ્રાડોરનો છે, ન્યૂ ફાઉન્ડ લાંડને તાબે છે;
સેંટ જોનની રાજધાની, કોડ માછલીની પ્રખ્યાતી.

યુનાઇટેડ સ્ટેટ્સ.

ખનીજ:—કોયલા, લોઢું, તાંબું, રૂપું; કેરોસીન, સીસું ને સોનું;
પાક:—મકાઈ, ઘઉં ને રૂનો પાક; શેરડી, તમાકુ, પાકે દ્રાક્ષ.
શહેરો:—ન્યૂયોર્ક મોટું છે શહેર, લંડનથી ઉતરતું સહેજ;
બ્રુકિલનમાં ઝૂલતો છે પુલ, હુન્નર કારખાનાં પ્રસિદ્ધ.
શિકાગો વેપારી મથક, વોશિંગ્ટન રાજધાની સ્થળ;
ફિલાડેલ્ફિઆ કેરોસીન, સાનફ્રાન્સિસ્કો ધરતીકંપ.
સંસ્થાનો:-કયુબા,પ્રોટોરિકો વેસ્ટ ઇન્ડીઝ, ફિલિપાઈન ટાપુ ઇસ્ટ ઇન્ડીઝ;
હવાઈ પોલીનીશિઆમાં છે, આલાસ્કા દ્વીપકલ્પ વાયવ્યે છે.

મેક્સિકો.

પ્રજાસત્તાક મેક્સિકો દેશ, જ્વાળામુખીનો ખાસ પ્રદેશ.

પેદાશ:—ગુંદ, તમાકુ, રૂ, મકાઈ; વેનીલા, ઘઉં, દ્રાક્ષ, શેરડી;
શહેરો:—મેક્સિકો રાજધાની છે, વેરાક્રુઝનું બંદર છે.

મધ્ય અમેરિકા.

સંસ્થાનો:—ગ્વાટેમાલામાં ગ્વાટેમાલા, હોન્ડુરાસમાં ટેગુસી ગાલ્પા;
કોસ્ટારિકામાં સાનજોસ, સાલ્વાદોર ધરતીકંપ જોર.
નિકારાગુઆમાં માનાગુવા, સંસ્થાનો સ્પેન પ્રજાસત્તાક;
બ્રિટિશ હોન્ડુરાસ બેલીઝ છે, પાનામા પાનામામાં છે.
નહેર:—પાનામાની સળંગ નહેર, સરખાવો સુએઝની નહેર.

વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓ.

પેદાશ:—તમાકુ, ગુંદ, રૂ ને શેરડી; કોકાઉ, નીપજ હવા સારી;
દ્વીપો:—ગ્રેટર-લેસર આંટિલિસ બે, વેસ્ટ ઇન્ડીઝના ટાપુ છે.

ગ્રેટર આંટિલિસ ટાપુઓનો સમૂહ (૪)

કયુબા, હાઇટી, પહેલા બે, પોર્ટોરિકો, જમૈકો બીજા બે;
કયુબા, પોર્ટોરિકો, સંયુક્ત સ્થાન, હાઇટી એ સીધી સંસ્થાન.
જમૈકા બ્રિટિશ સંસ્થાન, કિંગ્સટાઉન રાજધાની સ્થાન;
હાવાના કયુબા ગાદી, ત્યાં સિગાર બીડી ખ્યાતિ.

લેસર આંટિલિસ ટાપુઓ બે ભાગ-વિંડવર્ડ; લીવર્ડ.

લીવર્ડ ટાપુઓ:—ડોમિનિકા ને આંટિગુઆ, સેંટકિટ્સ, મોંટ સિરાતના;
વર્જીન ટાપુ મળીને પાંચ, તેનું એ બ્રિટિશ સંસ્થાન.
વિંડવર્ડ:—બાર્બેડોઝ, સેંટ લુશિઆ—વિન્સેન્ટ; ગ્રેનેડા, ટોબાગો,મુખ્ય દ્વીપ.
બ્રિટિશ સંસ્થાનો :—૧ બાર્બેડોઝ જુદું સંસ્થાન, ૨ ટોબાગો, ટ્રિનિડાડ તાબે સ્થાન;
૩ વિન્સેન્ટ, લુશિઆ, ગ્રેનેડા; એ ત્રણ બ્રિટિશ સંસ્થાનો.
ટ્રિનિડાડ ડામર સરોવર, નાસો બહામા ટાપુ પર;
બર્મ્યુડા પરવાળાંના ટાપુ, બ્રિટિશ, નૌકાસૈન્ય નાકું.
ગ્વાડેલૂપ, માર્ટિનિક ફ્રેન્ચ; સેંટ ટોમસ, સાંટાક્રૂઝ ડેન;
કુરાકોઆ, વેનેઝુએલાના, કાંઠેના ટાપુ નેધર્લાંડના.

દક્ષિણ અમેરિકા.

સામાન્ય વર્ણન.

પર્વતોઃ—આન્ડીઝ પાનામા હોર્ન સુધી, હારો ઘણી જ્વાળામુખી.
શિખરોઃ—આકોન્કાગુઆ ચિલીમાં, સોરાટા, ઇલિમાની બોલિવિઆમાં;
કોટોપાક્સિ; ચિંબોરાઝો, એકવેડોરમાં શિખરો.
જ્વાળામુખી કોટોપાક્સિ, એકસો ત્રીસ છે જ્વાળામુખી.
ઉચ્ચપ્રદેશોઃ—પશ્ચિમ, પૂર્વકાંઠા પ્રદેશ, બોલિવિઆનો ઉચ્ચ પ્રદેશ;
ગિઆના, બ્રાઝિલના બે, આમાઝોનથી જુદા છે.
મેદાનોઃ—લાનોસ ઓરિનોકો ઉંચું ઘાસ, સેલ્વાસ આમાઝોન જંગલ;
પામ્પાસ લાપ્લાટા પ્રદેશ; નીપજે નાનું ઘાસ ત્યાં બેશ.
રણઃ—અતકમા રણ ચિલી પેરૂ, વરસાદ નહિ છાંટો ફોરૂં,
નદીઓઃ—ચાર મોટી નદી અહીં વહે, આટ્લાંટિક મહાસાગરે પડે;
આમાઝોન મોટી પહોળી નદી, રિઓનીગ્રો, મડીરા મળનારી,
પારાના, પારાગ્વે એ બે, સંગમેથી લાપ્લાટા છે;
ટોકાંટિન્સ ને આરાગ્વે મળે, સાન્ફ્રાન્સિકો પૂર્વે વહે.
ઓરિનોકો અર્ધ વર્તુળ, એકજ રેખાંશે મૂખ ને મૂળ.
સરોવરો-ટિટિકાકા મીઠું પાણી, ઓલાગાસ ખારૂં પાણી. (બોલિવિઆ)
અખાતો—ડરાયન, વેનેઝુએલા, આમાઝોન ને લાપ્લાટા;
બ્લાંકા નાનો અખાત છે, ગ્વાયાકિલ એકવેડોર છે.
સામુદ્રધુનીઃ—માગેલનની સામુદ્રધુની, ખંડ, ટેરાડેલ ફુએગો વચ્ચેની.
ટાપુ (૪) ફાક્લાંડ, ટેરા ડેલ ફુએગો; જુઆન્ફરનાન્ડીઝ, ગેલાપેગોસનો.
ભૂશિરોઃ—ગેલીનાસ ને સેંટરોક બે, હોર્ન ને પારિના છે.
આબોહવાઃ—આન્ડીઝ પૂર્વે બહુ વરસાદ, રણપ્રદેશ પશ્ચિમે ખાસ.
વનસ્પતિઃ—આમાઝોન ઘાડું જંગલ, નીપજે મોટાં અંજીરનાં ઝાડ;
વાંસો, મેહોગનિ, રોઝવુડ; તાડ ઝાડોનાં પુષ્કળ જુથ.

ઓક, પાઇન સમશીતોષ્ણ, ઉંચું ઘાસ લાનોસ મેદાન;
ટુંકું ઘાસ દક્ષિણ જંગલ, ખેડાણ થોડી જમીન પર.
ઇંડિઆ રબર, સિંકોના બહુ, બ્રાઝિલ રબર વખણાયે ઘણું;
પારાગ્વે ચા વખણાય; કંદ ગર લોટ ખાધામાં જાય.
શેરડી, તમાકુ, ગુંદ, રૂ, મકાઈ; મસાલો, બટાટા, ઘઉં, ચોખા, ગળી;
જનાવરોઃ—વાંદરા, ચામાચેણ, રીંછ; મગર, સાપ, પક્ષી રૂડાં;
લામા, આલ્પાકા, વિકુઆ, ઊંટ જાતનાં ઊન વખણાય.
જગુઅર, પ્યુમા, સ્લોથ, ટેપિર; આરમેડીલો, આન્ટ-ઇટર;
ખનીજોઃ—સોનું, રૂપું, હીરા, લોખંડ; તાંબુ, કલાઈ ને સીસું મુખ્ય.
પેરૂ રૂપા ખાણ માટે, ચિલી તાંબા ખાણ માટે;
સોનું, હીરા માટે બ્રાઝિલ, દક્ષિણ અમેરિકા બહુ ખનીજ.
લોકઃ—તૃતીયાંશ યુરોપીઅન વંશજ, બીજા ઇંડિયન, સીધી ને મિશ્ર;
ભાષા અને ધર્મ—સ્પેનિશ, પોર્ટુગીઝ બોલે, રોમન કેથોલિક ધર્મ માને.
રાજ્યોઃ—સ્પેન, પોર્ટુગાલ સંસ્થાન, પણ સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય;
ગિઆનામાં ત્રણ સંસ્થાન, બ્રિટન, નેધર્લાંડ ને ફ્રાન્સ.
પ્રજાસત્તાક રાજ્યોઃ } કોલમ્બિઆ, ઇકવેડોર, પેરૂ; ચિલી, આર્જેન્ટૈના, યુરુગ્વે;
પારાગ્વે, બોલિવિઆ; બ્રાઝિલ, ગિઆના, વેનેઝુઇલા.
બ્રિટિશઃ—ફાકલાંડનો ટાપુ છે, બ્રિટિશનું એ સંસ્થાન છે.

કોલમ્બિઆ.

શહેરોઃ—કોલમ્બિઆ કોલમ્બસથી; નિકાસ, ગુંદ, રબર કીમતી ધાતુ;
બોગોટા રાજધાની નગર, કાર્ટેજીના મુખ્ય બંદર.

ઇકવેડોર. (ઇકવેટોર—વિષુવવૃત્ત ઉપરથી.)

શિખરોઃ—ચિંબોરાઝો, કોટોપાક્સિ, એન્ટિસાના, કેટામ્બી,
શહેરોઃ—કિવટો રાજધાની નગર, ગ્વાયાકિવલ કોકો પુષ્કળ.
ગ્વાયાકિવલનું મુખ્ય બંદર, ધરતીકંપ જોરે વાંસનાં ઘર;

પેદાશ:—સિંકોના, કોકો, રૂ, ગુંદ, ઘઉં; સાર્સાપરીલા, રબર, તમાકુ.
ખનીજો:—સોનું, પારો, સીસું, તાંબું; પહાડોમાંથી નીકળે લોઢું.

પેરૂ.

ખનીજો:—સોનું, રૂપું, તાંબું, પારો; કોલસા, કેરોસીન ખનીજો;
પેદાશ:—સાર્સાપરીલા, રબર ને ગુંદ; સિંકોના, કોકો ને ખાંડ;
ગુઆનો પક્ષીની અઘાર, ઉપયોગી તેનું ખાતર.
શહેરો:—લીમા રાજધાનીનું નગર, કુઝકો–કુથકો, ઇંકાસ શહેર.

ચિલી.

નિકાસ:—આયોડિન, તાંબું, રૂપું, સુરો; અનાજ, ચામડાં, ગુઆનો;
શહેરો:—સાંટિઆગો રાજધાની શહેર, વાલ્પારેસો મુખ્ય બંદર.

આર્જેન્ટેના.

આર્જેન્ટેના ને પાટાગોનિઆ, દક્ષિણ ઉજડ જંગલી ઇંડિઅનો;
ટાપુ:—ટેરા ડેલૂ ફુએગો ટાપુ છે, આર્જેન્ટેના ચિલી તાબે છે.
શહેરો:—બ્યુએનોસ એરિસ રાજધાની શહેર, રોસારીઓ મોટું બંદર.

યુરુગ્વે.

નદીઓ (૩) રિઓ–ડી–લાપ્લાટા, યુરુગ્વે; બ્રાઝિલ નદી ત્રિકોણ પ્રદેશ.
નિકાસ ને શહેરો:—
ઊન, ચામડાં, શીંગડાં, ચરબી; મોન્ટી–વિડીઓની રાજધાની.

પારાગ્વે.

નિકાસ:—ચા, ચામડાં ને તમાકુ, નારંગી, સાગી લાકડું.
શહેરો:—એસેન્સન રાજધાની શહેર, પારાગ્વે પ્રજાસત્તાક.

બોલિવિઆ.

શહેરો:—પોટોસી રૂપાની ખાણ, લાપાઝ રાજધાની નગર;
ખનીજો:—રૂપું, કલાઈ ને તાંબું, ગંધક, સીસું ને મીઠું.
પેદાશ:—જવ, ઓટ, મકાઈ, રૂ, બટાટા; કોકો, ગળી, રબર, ચોખા.

બ્રાઝિલ.

બ્રાઝિલ ગહન વને ભરપુર, રંગ બેરંગી વૃક્ષો પ્રચુર;
નદી પ્રદેશે રંગ-લાકડાં, તેલો; રબર, ગુંદર, સાગ ને ફળો.
સોનું, હીરા, લોખંડ, કોયલા, નીપજે પૂર્વ પ્રદેશે ઘણાં;
દક્ષિણ ભાગે, ઘેટાં ને ઢોર;

ખેતી અને નિકાસ:—શેરડી, ગુંદ, રૂ, ખાંડ, રબર.

શહેરો:—રિઓ-ડી-જાનેરો રાજધાની બંદર, પારા બંદર ઇંડિઆ રબર.

ગિઆના.

બ્રિટિશ; ડચ અને ફ્રેન્ચ, ગિઆનાનાં ત્રણ સંસ્થાન;

શહેરો:—જ્યોર્જ ટાઉન બ્રિટિશની, કાયેન ફ્રેન્ચ રાજધાની.
પારામારિબો ડચની, મુખ્ય પેદાશ અહીં ખાંડની.

વેનેઝુઇલા.

પેદાશ:—ગુંદ, કેકાઉ ને શેરડી; રબર, વેનીલા જંગલની;

ખનીજ:—સોનું, તાંબું નીપજે ખનીજ; લાનોસમાં ઢોરની ઉછેર.

શહેરો:—કારાકાસની રાજધાની છે, ધરતીકંપથી બરબાદી છે.

ફાકલાંડ ટાપુ.

પૂર્વ પશ્ચિમ ટાપુ પ્રદેશ, ફાકલાંડ બ્રિટિશ સંસ્થાન;
સ્ટેનલીનું મુખ્ય બંદર છે, મુખ્ય નિકાસ ઊનની ત્યાં છે.

ઓશીઆનિઆ.

ઓશન દ્વીપોનો જે સમૂહ, ઓશીઆનિઆ પાસિફિક દ્વીપ ગ્રુપ;
હિંદ કરતાં બમણા છે, આસ્ટ્રેલિઆની પાસે છે.

વિભાગ (૫):—
મલયેશિઆ, આસ્ટ્રેલેશિઆ બે, પોલીનીશિઆ, મેલેનીશિઆ છે;
માઇક્રોનીશિઆ એ છેલ્લો છે, ઓશીઆનિઆ પાંચ ભાગો છે.

મલયેશિઆ.

મલયેશિઆ મલય વસ્તીનો, વળી ઇસ્ટ ઇન્ડિઅન આર્કિપેલેગો;

મુખ્ય ટાપુ (૫):—સંડા, બોર્નિઓ, ફિલિપાઈન; સેલીબીસ, મોલુક્કા ભાઈ;
પહાડી ટાપુ જ્વાળામુખી, હવા ગરમ ભીનાશવાળી.
પેદાશ:—મરી, લવિંગ, ગરમ મસાલો, ખુંદ; ચોખા, ગળી, તમાકુ, શણ;
શેરડી, ગટાપર્ચા, સેગો, પુષ્કળ ત્યાં વનસ્પતિ વૃક્ષો;
ખનીજ:—સોનું, રૂપું, સીસું, લોઢું, હીરા; કલાઈ, પારો, તાંબું, કોયલા.
વોલેસીઝ પશ્ચિમ રચના, વનસ્પતિ મળતી એશિઆ;

(૧) સંડા ટાપુઓ.

સુમાત્રા, જાવા પાસેના, એ સંડા ટાપુ ડચના છે;
ટિમોર પોર્ટુગીઝ તાબે છે, એ સંડા દ્વીપસમૂહ છે.
સુમાત્રા:—મલાક્કાની સામુદ્રધુની, નિકાસ મુખ્ય ત્યાંની મરી;
કાળાં મરી, તમાકુ, ખુંદ; ગટાપર્ચા, કપુર, લોબાન.
પડાંગ મોટું વલંદા સંસ્થાન, બાંકા ટાપુ કલાઈ ખાણો જાણ.
જાવા:—સંડા સામુદ્રધુની છે, ચાલીસ જ્વાળામુખી અહીં છે;
બટેવિઆ જાવા મુખ્ય શહેર, ડચ ગવર્નર જનરલ સ્થળ.
ખુંદ, ખાંડ અને ડાંગર; સિકોના મરી પાક પુષ્કળ.
બાલી:—બાલી ટાપુ જાવા પૂર્વે, ત્યાં હજુ હિંદુધર્મ માને;
બેટા:—લોમ્બાક, સંબાવા, ઓમ્બે એ છે; ટેનિમ્બર સેંડલવુડ ફ્લોરસછે.
ડચના એ બાલી ટાપુ. ટિમોર પોર્ટુગીઝ ટાપુ.

(૨) બોર્નિઓ.

બોર્નિઓ સૌથી મોટો બેટ, સુમાત્રાથી બમણો છેક;
જંગલ ઉરાંગ ઉટાંગ વાંદર, ઉત્તર વાયવ્ય ભાગ ઇંગ્લાંડ.
બેટો સંસ્થાનો } બ્રુનેઇનું દેશી રાજ્ય, સારાવાક એક અંગ્રેજનું રાજ્ય;
બાકી બોર્નિઓ ડચ તાબે, લાબુઅન ઇંગ્લાંડ તાબે.
ખનીજ:—ખનીજ સોનું, હીરા, કોલસો; નિકાસ ત્યાંની મુખ્ય સેગો.

(૩) ફિલિપાઈન ટાપુ.

ફિલિપાઈન યુનાઈટેડ સ્ટેટ્સ, હજાર ટાપુનો એ પ્રદેશ;

લુઝોનનો ટાપુ છે મુખ્ય, મનિલા રાજધાની ચીરૂટ.
મુલુસમૂહ ફિલિપાઈન બોર્નિઓ મધ્ય, નિકાસ તમાકુ, ચોખા, ને ખાંડ.

(૪) સેલીબીસ.

સેલીબીસ ડચ તાબે છે, ચાર સરખા દ્વીપકલ્પ છે;
વચ્ચે ઉંડા અખાતો છે; ખુંદ, કાચમા ઢાલ, જાયફળ છે.

(૫) મોલુક્કા અથવા મસાલાના ટાપુ.

આંબોઇના, સીરામ, બંદા મુખ્ય ટાપુ, મોલુક્કા બધા એ ડચ ટાપુ;
રાજધાની આંબોઇના માંહ્ય, મસાલા, લવિંગ, જાયફળ, એલચી બહુ થાય.

આસ્ટ્રેલેશિઆ.

આસ્ટ્રેલિઆ ખંડ, બેટો, ન્યૂઝીલાંડ, આસ્ટ્રેલેશિઆનો એ મુલક;

આસ્ટ્રેલિઆ.

આસ્ટ્રેલિઆ દક્ષિણની ભૂમિ, ટેરા આસ્ટ્રેલિસ—ન્યૂ હોલાંડ ભૂમિ;
વિચિત્ર રચના આ ખંડ ભૂમિ, મૂકે ઇંડાં આંચળ પ્રાણી.
પાન ખરે છાલ ખરે, ચોપગાં બે પગે દોડે;
આસ્ટ્રેલિઆ મળતો આફ્રિકા, વિચિત્ર રચના આસ્ટ્રેલિઆ.

પહાડોઃ—યોર્કથી બાસ સુધી પર્વત, કોસીઉસ્કો તેનું શિખર;
નદીઃ—મુરે ને ડાર્લિંગ મળે, સેંટવિન્સેન્ટ અખાતે પૂર્વે પડે.
સરોવરો—ટોરેન્સ, એમેડિઅસ એ બે, ખારાં છીછરાં સરોવરો છે;
અખાતોઃ—કાર્પેન્ટારિઆ, ગ્રેટ આસ્ટ્રેલિઅન બાઇટ બે;
સ્પેન્સર, સેન્ટવિન્સેન્ટ એ બે.
ભૂશિરઃ—યોર્ક ઉત્તરે, હોવે અગ્નિ, લ્યુવિન નૈઋર્ત્યે ત્રણ ભૂશિર;
ઝાડોઃ—એકેશિઆ, યુકેલિપ્ટસ બે, ઉપયોગી ઇમારત, ગુંદર ને તેલ.
પેદાશઃ—દક્ષિણે ઘઉં, ઓટ, શણ, તમાકુ; ઉત્તરે મેવા, ચોખા, શેરડી ને રૂ;
જનાવરોઃ—હસતું કાંગારૂ, સસલાં; ઘોડા, ઢોર, પુષ્કળ ઘેટાં.
પક્ષીઓઃ—લાયર, લાફિંગ, જેકેસ ને કાળાં હંસ;
એમુ, કેસાવરી, મળતાં શાહમૃગ;

ખનીજઃ—પ્રસિદ્ધ દેશ નીપજ સોનું; કોયલા, કલાઈ, તાંબું, રૂપું.
ધંધો:—ખેતી, ઘેટાં ઉછેરનો, વિશેષે સોનું ખણવાનો;
નિકાસ—સોનું, ઊન મુખ્યત્વે, માખણુ, ગોશ, ચરબી છે.
ચામડાં ને ઘોડાં એ બે, ખાંડ અને તાંબું બીજાં બે;
ભાગો—ક્વીન્સલાંડ ને ન્યૂ સાઉથવેલ્સ; વિકટોરિઆ, સાઉથ–વેસ્ટ એ પાં
શહેરો—બ્રિસ્બેન–ક્વીન્સલાંડ રાજધાની, ગ્રેટકોરલ રીફ પરવાળાં રીફ;
સિડ્ની ન્યૂ સાઉથ વેલ્સ, રાજધાનું જુનું શહેર.
મેલબોર્ન વિકટોરિઆમાં છે, આસ્ટ્રેલિઆની રાજધાની છે;
કેનબરા નવી રાજધાની શહેર, પાર્લામેન્ટ, વિશ્વ–મહાવિદ્યાલય.
આડેલેડ સાઉથ આસ્ટ્રેલિઆનું, ઘઉં, ઓલિવ, ખનીજમાં તાંબુ;
પર્થ વેસ્ટ આસ્ટ્રેલિઆનું, સોનું, ઊન, મોતીછીપ, લાકડું.
હોબાર્ટટાઉન ટાસ્માનિઆ શહેર, સારા મેવાના પાકની લહેર.

ન્યૂ–ઝીલાંડ.

ન્યૂ ઝીલાંડ કૂક સામુદ્રધુની, અસલ વતનીઓ મેઓરી;
આયાત નિકાસ:—ખાંડ, સાંચા કામ ને કાપડ, ઊન, ગોશ, સોનું, ગુંદર.
શહેરો—વેલિંગ્ટન રાજધાની શહેર, આકલાંડ સઉથી મોટું શહેર.

મેલેનીશિઆ.

મેલાસ–કાળા, નેસોસ–ટાપુ! કાળા લોકના એ ટાપુ;
મેલેનીશિઆ ટાપુ સમૂહ, ન્યૂગિની–પાપુઆ, ફિજિ દ્વીપ.
ન્યૂગિની:–ન્યૂગિની પશ્ચિમે નેધર્લાંડ, ઉત્તરે જર્મનિ ને દક્ષિણે ઇંગ્લાંડ;
નિકાસ:—ટ્રીપેન્ગ, કોપરાં, મોતી છીપો, સોનું, મોતી, અને સુખડ.
ઇંડિઆ રબ્બર, અને સેગો, ન્યૂગિની પુષ્કળ ઝાડો,
દ્વીપો:—બિસ્માર્ક આર્કિપેલેગો, સોલોમન ટાપુનો એક જર્મનિનો;
સોલોમન, સાંટાક્રુઝ ટાપુઓ, ફિજી એ ત્રણ બ્રિટિશ સંસ્થાનો;
ન્યૂ કેલીડોનિઆ તાબે ફ્રાન્સ, ખાંડ, કોપરાં મુખ્ય નિકાસ.

માઇક્રોનીશિઆ.

માઇક્રોસ–સૂક્ષ્મ, નેસોસ–ટાપુ; એ માઇક્રોનીશિઆ ટાપુ;
લાડ્રોન કે મરિયાન, કારોલીન ટાપુ, નાના બીજા પરવાળાં ટાપુ.
ગિલ્બર્ટ ટાપુ ઇંગ્લાંડને ગુઆમ યુનાઇટેડ સ્ટેટ્સને;
બાકી બધા જર્મનિના છે, લાડ્રોન સૌથી મોટા છે.

પોલિનીશિઆ.

પોલી–અસંખ્ય, નેસોસ–ટાપુ, એ પોલીનીશિઆના ટાપુ;
મજબુત બાંધાના લોકો ઊંચા, ફળદ્રુપ અને સુંદર હવા.
પેદાશ:—બ્રેડફ્રુટ, નાળિએર, રતાળુ; શકરીઆં, કેળાં પાક એ ટાપુ;
દ્વીપો:—સાન્ડવિચ–હવાઇ બેટો છે, યુનાઇટેડ સ્ટેટ્સને તાબે છે;
હોનોલુલુ મુખ્ય શહેર છે, ખાંડ, ચોખા, કેળાં પેદાશ છે.
ટોંગા–ફ્રેન્ડલી, કુક–હર્વી; એલીસ, ફિનિક્સ, ટોકાલો, મેનીહીકી;
સામો–વહાણવટીના દ્વીપો છે, યુનાઇટેડ ને જર્મનિ તાબે છે.
આસ્ટ્રલ, સોસાઇટિ, લોઆર્કિપેલેગો, મારક્વીસાસ, ચારે ફ્રાન્સ બેટો.

એન્ટાર્કિટકા (દક્ષિણનો ધ્રુવનો પ્રદેશ).

સાઉથ વિક્ટોરિઆ પ્રદેશ નવો છે, એરીબુસ બળતો જવાળામુખી છે
ઉંચા ભડકા ત્યાં અતિશય થાય, શિઆળે અજવાળું જણાય.
બેટો:—આઇસ્લાંડ, દક્ષિણ શેટ્લાંડ, દક્ષિણ જ્યોર્જઆ, નાના બેટ;
બરફ લીધે ઠંડી હવા, વેરાન જમીન મનુષ્ય વિના.
પક્ષી:—અલ્બેટ્રોસ દરિઆઈ પક્ષી, પાંખ સત્તર ફુટ પહોળી;
જનાવરો:—સીલ, વોલ્રસ અને વ્હેલ, મનુષ્ય વસ્તી વિણ વેરાન.

સમાપ્ત.